**સુવિચાર**

એક જ લક્ષ્ય, એક જ દ્રઢ નિર્ધાર માટે જે કાંઈ પામવું છે એને માટે મારી જાતને ઘડીને સર્વથા તૈયાર કરીશ.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૫/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૨૯

## નવિન બસ સ્ટેન્ડ, સેલ્ફી પોઈન્ટ, સાંસ્કૃતિક ઝાંખી, આરઓ ફિલ્ટર રૂમ અને મહાપુરૂષોની પ્રતિમા લગાવાઈ

# દેવરાજીયા ગામ સરકારનાં અનુદાન અને લોકભાગીદારીથી મોડેલ વિલેજ બન્યું

**અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ પોતાની જન્મભૂમિનું ઋણ ચુકવ્યું**

**ગાગર જેવડા નાના ગામે ભીમનાથ મંદિરનાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જનમેદની ઉમટી પડી**

**કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી સહિતનાં રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા**

**ત્રિદિનાત્મક કથાયજ્ઞમાં હજારો ભાવિકજનોએ લાભ લઈ ધન્યતા અનુભવી**



અમરેલી, તા. ૧૫
વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાના વતન દેવરાજીયા ગામ ખાતે કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ પશુપાલન અને ડેરી મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે વિકાસકાર્યોનો લોકાર્પણ સમારોહ સંપન્ન થયો હતો. દેવરાજીયા મુકામે રાજય અને કેન્દ્ર સરકારના અનુદાન અને લોકભાગીદારીથી નિર્મિત બસ સ્ટેન્ડ, સાંસ્કૃતિક ઝાંખી ગેલેરી, સેલ્ફી પોઈન્ટ, મહાનુભાવોની પ્રતિમાઓ, સૂચિત થિયેટર હોલ, આર.ઓ. ફિલ્ટર પ્લાન્ટના રૂમનું લોકાર્પણ કેન્દ્રીય મંત્રી સહિતનાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ દેશમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગ્રામ પંચાયતો સશકત બની હોવાનું જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ કે, ગ્રામ પંચાયતોના બેન્ક એકાઉન્ટમાં સીધી ગ્રાન્ટ જમા થતી હોવાથી પંચાયત મજબૂત બની છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરપંચોને નાણાપંચની ગ્રાન્ટ ફાળવીને ગામના કામો ગામમાં કરવાનો અધિકારી આપ્યો અને તેના માટે નાણાકીય જોગવાઈ પણ કરી. કેન્દ્રીય મંત્રીએ આ પ્રસંગે દેવરાજીયાના સરપંચ સગુણાબેન વેકરીયાને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યુ કે

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારી નજીક આવેલ

# માલસીકા ગામની સીમમાં પતિનાં વિયોગમાં પત્નીએ પણ દવા પીધી

**સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા**

અમરેલી, તા. ૧૫
ધારી તાલુકાનાં માલસીકા ગામે રહેતા ચંપાબેન દિલીપભાઈ વાઘેલા નામનાં ૫૦ વર્ષિય મહિલાનાં પુત્રવધુ કાજલબેનનાં પતિ આશરે ૫ માસ પહેલા ગુજરી ગયા હોય. જેથી તેમનાં પત્ની કાજલબેનને ગમતું ન હોય. જેથી તેણીને મરી જવાનું મન થતું હોય અને મનમાં લાગી આવતા કાજલબેને ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડવામાં આવ્યા છે.

Sheetal
ICE CREAM

HIRING!
Job Location : Amreli

Microbiologist - 3
(Bsc | Msc) (MALE /FEMALE)
Dairy Technologist - 3
(Bsc | Msc) (MALE /FEMALE)
Chemist - 3
(Bsc | Msc) (MALE /FEMALE)
Food Technologist - 2
(Bsc | Msc) (MALE /FEMALE)

Walking Time
10:00 am to 12:00 pm | 3:00 pm to 5:00 pm

APPLY NOW
+91 9081998018
sheetalhr115@gmail.com

SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

### યુવા વયે પતિ અને બાદમાં પત્નીએ વિદાય લેતા શોકનો માહોલ

# લીલીયામાં પતિનાં મૃત્યુ બાદ પત્નીએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી લીધી

**ચાર બહેનોનાં એકમાત્ર ભાઈ અને બાદમાં ભાભીની વિદાય**

લીલીયા, તા. ૧૫
લીલીયા શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિ અચાનક જ બેશુદ્ધ થઈ ગયા બાદ અચાનક જ મોત થઈ જતાં પત્નીએ પણ પતિના વિરહમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. આજથી થોડા જ મહિનાઓ પહેલા બંનેએ પ્રેમલગ્ન કર્યા હતા. જયારે આ એક આ ઘટના બનતા બન્નેની અંતિમ યાત્રા પણ



એકસાથે નીકળી હતી. ૨૫ અને ૨૧ વર્ષની નાની વયે બન્નેનાં મોત થતાં સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો હતો.

લીલીયા તાલુકાના કીકાણી પ્લોટમાં રહેતા ધર્મેશ વિનુભાઈ રાઠોડ (ઉં.વ.૨૫) નામના યુવકને રમેશભાઈ બચુભાઈ ભાલાળા સાથે ખેતીકામ બાબતે બોલાચાલી થતાં ત્યારબાદ અચાનક જ યુવક બેભાન થઈ ગયો હતો. જેનાં પગલે તેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે લીલિયા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?

સર્વ શ્રેષ્ઠ કવોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી



અમરેલી જિલ્લામાં આધુનિક ટેકનોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે. આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિધા પણ મળશે.

કિલનીકની સેવાઓ :
- બહેરાશની તપાસ
- અંતઃકર્ણ કાનની નસોની તપાસ
- જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
- કોકલીયર ઈમ્પ્લાન્ટ મેપિંગ
- સ્પીચ થેરાપી
- આર્ટિકયુલેશન થેરાપી
- ફલ્યુઅન્સી થેરાપી
- સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
- વોઈસ થેરાપી
- કોકલીયર ઈમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT

ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે

કવોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન

શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા

ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક

બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

### ચેમ્પીયન ઓફ ૧૨ સાયન્સ

# અમરેલીનાં તબીબ દંપત્તિની પુત્રીએ ધો. ૧૨ સાયન્સમાં ૯૧.૯૯ પીઆર મેળવી ગૌરવ વધાર્યુ

**માતા-પિતાની જેમ પુત્રી પણ તબીબ બનવા મહેનત કરે છે**



અમરેલી, તા. ૧૫
અમરેલીનાં જાણીતા તબીબ ડો. ચંદ્રેશ ખૂંટ તથા ડો. ક્રિષ્નાબેન ખૂંટની પુત્રી ધ્વની ચાલું સાલે ધો. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો

અનુસંધાન પાના ૬ ઉપર

- રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
- દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
- મેટલ અને સીરામીક ફિકસ દાંત
- પેઢાની સફાઈ તથા સર્જરી
- ચોગઠા બનાવવા
- ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
- વાકાચુકા દાંતની સારવાર



ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત

ૐ ફેમિલી ડેન્ટલ કેર

પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

## અમરેલી જિલ્લામાં માત્ર એક અઠવાડીયામાં બાળકનાં મોતની ત્રીજી ઘટના

# રાજુલાનાં કાતર ગામે દીપડાએ ૨ વર્ષનાં બાળકને ફાડી ખાધો

**મોડી રાત્રિનાં સમયે રહેણાંક મકાનમાં ઘુસીને ૨ વર્ષનાં બાળકને દીપડો ગળુ પકડીને ઉઠાવી ગયો**

**બાળકનું ગંભીર ઈજા થવાથી કમકમાટીભર્યુ મોત થતાં ગ્રામજનોમાં અરેરાટીનો માહોલ ઉભો થયો**

**રહેણાંક મકાનમાં વીજળી ન હોવાથી દીપડાએ છુપાપગે પ્રવેશ કર્યો અને ઘટના બની**

**વન વિભાગને રાનીપશુઓ કયાં ફરે છે તેની કોઈ જાણકારી ન હોય તેવું લાગે છે**

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણી દ્વારા બાળક પર હુમલો કરી તેનું મોત નિપજાવ્યું હોવાનો એક અઠવાડિયામાં ત્રીજો બનાવ સામે આવ્યો છે. રાજુલાના કાતર ગામે મોડી રાત્રીના સમયે એક રહેણાંક મકાનમાં બાળક પર દીપડાએ હુમલો કર્યો હતો અને માલધારી પરિવારના ૨ વર્ષના બાળકનું ગળુ પકડી ઉઠાવી નાસી ગયો હતો. જોકે તેને ગંભીર ઈજા હોવાને કારણે મોત નીપજયું હતું.

અમરેલી જિલ્લામાં સિંહ, દીપડા સહિતના પ્રાણીઓ દ્વારા માનવ બાળકો પર હુમલો કરવાનાં બનાવો વધી રહ્યા છે. આજે વધુ એક બનાવ સામે આવ્યો છે. ગત રાત્રીના સમયે રાજુલા તાલુકાના કાતર ગામમાં રહેણાંક મકાનમાં વીજળી ન હોવાને કારણે તેનો લાભ લઈને કોઈનું ધ્યાન ન પડે તે રીતે દીપડો ઘરમાં ઘુસી જતા ૨ વર્ષના બાળક માનવ ગોપાલભાઈ પરમારનું ગળું પકડી ઉઠાવી બાવળની કાટમાં લઈ ગયો હતો. આ ઘટના નજરે પડતા તેના પરિવારના લોકો હિંમત રાખી બહાદુરી બતાવી પાછળ દોડી હાંકલા પડકારા કરતા દીપડો ભાગી ગયો અને બાળકનો બચાવ થતાં તાત્કાલિક રાજુલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. મોડી રાતે સ્થિતિ વધુ ગંભીર થતા તાત્કાલિક વધુ સારવાર માટે મહુવા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે હોસ્પિટલમાં પહોંચે તે પહેલાં આ બાળકનું મોત થતા માલધારી પરિવારમાં શોકમય માહોલ છવાયો હતો.

આ ઘટનાની જાણ થતા સ્થાનિક વનવિભાગના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચી ગયા હતા અને દીપડાને પકડી પાડવા માટે પાંજરાઓ ગોઠવી અને કવાયત શરૂ કરવામાં આવી હતી. આ બનાવને પગલે નાનકડા ગામમાં પણ ભયનો માહોલ





છવાયો હતો. ત્યારે દીપડાને પકડી પાડવામાં આવે તેવી માંગ ઉભી થતાં જ વન વિભાગે માનવભક્ષી દીપડાને પીંજરે પુરી દઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આજથી થોડા દિવસો પહેલા એક જ દિવસમાં સિંહણ અને દીપડાના હુમલાને કારણે જિલ્લામાં અલગ–અલગ સ્થળો પર બે બાળકો મોતને ભેટયા હતા. ત્યારે એક જ અઠવાડિયામાં ત્રીજો બનાવ સામે આવતા સમગ્ર વિસ્તાર માટે ચિંતાનો વિષય બન્યો છે.

## મોસમી વરસાદ પવન સાથે તૂટી પડયો

# બાબરાનાં સીમ વિસ્તારમાં પવન સાથે ધોધમાર વરસાદ ખાબકયો

**નીલવડા ગામે શેરીઓમાં પાણી વહેતા થયા**

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં ગઈકાલે કમોસમી વરસાદ ખાબકયો અમરેલી જિલ્લાના બાબર પંથકમાં મીની વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડયો બાબરા પંથકમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો ઘનઘોર વાદળો વચ્ચે પવન ફુંકાયો પવન સાથે વરસાદ બાબરા પંથકમાં તુટી પડયો હતો.

બાબરા પંથકમાં લાંબા વિરામ બાદ ફરી પવન સાથે કમોસમી વરસાદ શરૂ ભારે પવન અને ગાજવીજ અને ગરમીનાં તાપમાન વચ્ચે વરસાદ થયો શરૂ. બાબરા શહેરમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ શરૂ તો પંથકનાં નીલવડા અને વાવડા અને દરેડ માં ધોધમાર વરસાદ, નિલવડા ગામે સારો વરસાદ પડી જતાં બજારોમાં પાણી થયાં વહેતાં. ગરમીનાં બફારામાંથી મળી રાહત. ખેડૂતોમાં પવન સાથે વરસાદને કારણે ફરી વાર ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.





## આરોગ્ય વિભાગ તાબાની ટીમનો સપાટો

# બાબરા પંથકમાં ટોબેકો કંટ્રોલ ફોર્સ દ્વારા તમાકુ વિરોધી ઝુંબેશ

**૧૩ વેપારીઓ પાસેથી ૨૬૦૦૦નો દંડ વસુલાયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરા તાલુકામા આરોગ્ય વિભાગની ટોબેકો કંટ્રોલ ફોર્સ દ્વારા તમાકુ વિરોધી ઝુંબેશ હાથ ધરી ૧૩ કેસો કરી ૨૬૦૦ દંડ વસુલાયો, તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (કોટપા ૨૦૦૩) કાયદાની અમલવારી, દંડ અને વસુલાત અંગે સામાજીક જનજાગૃતિ માટે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ અને બાબરા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા શહેરના જાહેર માર્ગો પર કામગીરી હાથ ધરી દંડ વસુલાયો.જેમા તમાકુની બનાવટો વેચતી દુકાનોમાં ચેકીંગ હાથ ધરી કાયદાનો ભંગ કરનાર ૧૩ દુકાન ધારકોને કલમ – ૬ –અ હેઠળ ટોટલ ૨૬૦૦ દંડની વસૂલાત કરવામાં આવેલ.

શાળાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુનુ વેચાણ કરતા એકમો, લારી–ગલ્લાઓ ઉપર ૧૮ વર્ષથી નાની વયના બાળકોને તમાકુ વેચવું દંડનીય અપરાધ છે તથા તમાકુથી કેન્સર થાય છે તેવા આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી દર્શાવતું બોર્ડ સહિતના નિયમોના ઉલ્લઘન બદલ સઘન કાર્યવાહી હાથ ધરાઈ. આ કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો.એ.વાય.ટાંક ડો.ધાર્મિક કળથીયા, કાઉન્સેલર રિયાઝભાઈ મોગલ, સોશ્યલ વર્કર નરેશભાઈ જેઠવા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર રાજેશભાઈ સલખના સી. એસ.ઓ કેતન ખેતરીયા, વિપુલ સરવૈયા, કેતન ખુમાણ તેમજ પોલીસ વિભાગની ટીમ દ્વારા કરાઈ હતી.

૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને તમાકુના વ્યસનથી દૂર રાખવા અને વ્યસન મુક્ત સમાજનું નિર્માણ કરવા માટે ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ અમરેલી દ્વારા બાબરા તાલુકા સહિત અન્ય તાલુકાઓમાં પણ કામગીરી કરવામાં આવનાર હોવાનું ઈ.એમ.ઓ.ડો. એ.કે.સિંઘ દ્વારા જણાવેલ તેમજ બાબરા દંડાત્મક કાર્યવાહીની સાથે સાથે લોકોને તમાકુના વ્યસનથી દૂર રહી જાહેરમાં ધુમ્રપાન ન કરવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.એ.વાય.ટાંક દ્વારા અપીલ કરેલ જે યાદીમાં જણાવેલ છે.

## ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનાં દર્દી નારાયણનાં હિતાર્થે

# રાજુલા–સા.કુંડલા–અમરેલી–રાજકોટ (એઈમ્સ) વચ્ચે વ્હેલી સવારે ''વોલ્વો'' લકઝરી બસ સેવા શરૂ કરો

**રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ–રાજુલાનાં પ્રમુખે નાયબ દંડકને પત્ર પાઠવ્યો**



અમરેલી, તા. ૧૫

રાજુલાનાં રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટનાં પ્રમુખ શીરીષભાઈ પટેલે નાયબ દંડક કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલાસીટીએ સૌરાષ્ટનાં રીમોટ એરિયામાં છેવાડાનું શહેર છે અને ૯૦ હજારની વસ્તી ધરાવે છે, ૧૩૦ જેટલા ગ્રામ્ય વિસ્તારનું મુખ્ય સીટી છે અને સાતેક મોટા ઉદ્યોગોમાં નોકરિયાતો હજારોની સંખ્યામાં છે.

રાજુલામાં મેડિકલ ફેસિલીટી સરકારી અને પ્રાઈવેટ હોસ્પિટલમાં મર્યાદીત છે. આ સંજોગોમાં ગંભીર પ્રકારની અનેક બીમારીઓમાં ગરીબ દર્દીઓ અદ્યતન મેડિકલ ટ્રીટમેન્ટનાં અભાવમાં હેરાન થઈ મુશ્કેલીઓ વેઠી રહ્યાં છે.

રાજકોટ પાસે જે એઈમ્સ હોસ્પિટલ એ આ વિસ્તારનાં ગરીબ લોકો માટે ઉપયોગી બની રહેશે. આ સંજોગોમાં સારી સુવિધાવાળા પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની ખુબજ જરૂર છે, આ સંજોગોમાં વોલ્વો બસ રાજુલાથી સવારે ૫:૩૦ વાગ્યે ઉપડે અને એઈમ્સ હોસ્પિટલ સુધી વાયા સાવરકુંડલા, અમરેલી, રાજકોટ થઈને જાય. એજ બસ સાંજે રાજકોટથી સાંજે ૬:૦૦ વાગ્યે પરત નીકળી રાજુલા આવે.

ઉપર મુજબની માંગણી ગરીબ લોકોની સુખાકારી માટે ઉપયોગી છે. પબ્લિક ટ્રાન્સપોર્ટને પ્રોત્સાહન મળે એ પણ જરૂરી છે અને રાજુલા ઉપરાંત સા.કુંડલા અમરેલીથી પુરતા પેસેંન્જરો મળી રહે એમ છે. તો યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

## રામનગરી હોટેલમાં ઘટના બની

# ગીર ગઢડાની હોટેલમાં નોકરી કરતો યુવક પહેલા માળ પરથી નીચે પડી જતાં મોત

**મોડી રાત્રે યુવક અગાસી પર સૂતો હોય અને નીંદરમાં નીચે પડી જતાં મોત**

ઉના, તા. ૧૫

ગીર ગઢડામાં આવેલ રામનગરી હોટલમાં રસોઈ બનાવવાની નોકરી કરતા માનબહાદુર ઉર્ફે માનસિંગ રતેભાઈ ભાઠો (ઉ.વ.૩૫ વર્ષ) નેપાળવાળો, ૨૧ દિવસ પૂર્વે હોટેલમાં રસોઈ બનાવવાનું કામ કરવા આવેલ હોય અને રાત્રીનાં સમગે અસહ્ય ગરમીના કારણે હોટલનાં ઉપરનાં ભાગમાં ખુલ્લામાં સૂતો હોય ત્યારે નીંદરમાં



ફરતી વખતે ઉપરથી નીચે પડી જતાં હાથ પગ અને માથાનાં માગે ગંભીર ઈજાઓ થતાં મોત નીપજતા આસપાસનાં લોકો દ્વારા હોટેલ માલિક તેમજ મૃતકના પરિવારને જાણ કરવામાં આવી હતી અને યુવકને હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં ઉના સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવતા મૃત યુવકનાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ હતું.

# વાઘ બકરી ટી ગૃપનાં વાઇસ ચેરમેન પંકજભાઇ દેસાઇનું દુઃખદ અવસાન

અમરેલી, તા. ૧૫


વાઘ બકરી ટી ગ્રુપનાં વાઈસ ચેરમેન પંકજભાઈ દેસાઈનું શુક્રવાર તા. ૫મી મે, ૨૦૨૩ના રોજ અમદાવાદ (ગુજરાત) ખાતે ૮૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.

પંકજભાઈ એક સ્વપ્નદ્રષ્ટા નેતા અને ચા ઉદ્યોગમાં એક અગ્રણી વ્યકિત હતા, જેમણે કંપનીની વૃદ્ધિ અને સફળતાને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

૨જી જૂન ૧૯૪૨ના રોજ અમદાવાદ, ભારતમાં જન્મેલા પંકજભાઈ ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક હતા અને ચા ઉદ્યોગ પ્રત્યે ઊંડો લગાવ ધરાવતા હતા. તેઓ ખૂબ જ નાની ઉંમરે વાઘ બકરી ચા – તેમના પારિવારિક વ્યવસાયમાં જોડાયા હતા. એક જાણકાર ચા વિશેષજ્ઞ હોવાની સાથે તેઓ નાણાંકીય બાબતોનાં પણ પ્રખર જાણકાર હતા. જેથી વ્યૂહાત્મક યોજનાઓ દ્વારા સપ્લાય ચેઈન પાર્ટનર્સની તેમણે વાઘ બકરી જૂથની વૃદ્ધિ અને પ્રગતિમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમના નેતૃત્વ હેઠળ, વાઘ બકરી ચા સ્થાનિક બજાર તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂત હાજરી સાથે, ભારતની અગ્રણી ચા કંપનીઓમાંની એક બની.

પંકજભાઈ તેમના નવીન વિચારો અને ગુણવત્તા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માટે જાણીતા હતા, તેઓએ કંપનીને ભારતની ત્રીજી સૌથી મોટી ચા કંપની બનવામાં બહોળું યોગદાન આપ્યું કે જેની શરૂઆત અમદાવાદ ખાતે નાની રિટેલ દુકાનોથી થઈ હતી.

પંકજભાઈ એ એક કુશળ ઉદ્યોગપતિ તરીકે માત્ર વ્યાપાર ક્ષેત્રની જટીલતાઓ પર જ વિજય નથી મેળવી પણ તેમના અંગત જીવનમાં પણ પ્રબળ



બનીને બે બાળકો, પુત્ર પારસ અને પુત્રી સપનાનો ઉછેર અતૂટ પ્રેમ અને જીવનના મૂલ્યોનું સિંચન કરીને કર્યો છે. વર્તમાન એકિઝકયુટિવ ડિરેકટરો પરાગ દેસાઈ અને પારસ દેસાઈનાં નેતૃત્વ અને સંચાલન હેઠળ કંપની નવા શિખરો સર કરી રહી છે, કે જેમણે પંકજભાઈના માર્ગદર્શન હેઠળ ચાના વ્યવસાયની કુશળતા પ્રાપ્ત કરી છે. તેમની વ્યાવસાયિક સિદ્ધિઓ ઉપરાંત, પંકજભાઈ પરોપકારી અને સામાજિક કાર્યોના માટે પણ જાણીતા હતા.

વાઘબકરી ફાઉન્ડેશનની સ્થાપના દ્વારા તેઓ અનેક જરૂરતમંદ લોકો માટે સહાયરૂપ બન્યા. તેઓ વિવિધ સેવાભાવી સંસ્થાઓમાં સક્રિયપણે સામેલ હતા અને લોકોના જીવનને સુધારવા માટે પ્રતિબદ્ધ હતા.

પંકજભાઈના નિધનથી ચા ઉદ્યોગ અને વેપાર જગતમાં એક ન પુરાય એવો ખાલીપો સર્જાયો છે. જે તેમના પરિવાર, મિત્રો, સાથીદારો અને અસંખ્ય લોકો દ્વારા હંમેશા યાદગાર રહેશે. જેમના સાથે તેઓ સંકળાયેલા હતા. પ્રભુ તેમનાં આત્માને શાંતિ અર્પે. અમારી સહાનીભુતી અને પ્રાર્થનાઓ આ મુશ્કેલ સમયમાં દેસાઈના પરિવાર સાથે છે.

## ધારી નજીક આવેલ

# ગીર પંથકનાં ખેડૂતને કમોસમી વરસાદથી થયેલ નુકસાનમાં અર્ધા ખેડૂતો સહાયથી વંચિત

**મદદનીશ ખેતીવાડી નિયામકને આવેદનપત્ર પાઠવ્યું**

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદનાં કારણે ખેડૂતોને ભારે નુકસાની સહન કરવી પડી હોય. ત્યારે સરકાર ધ્વારા કમોસમી વરસાદથી થયેલ નુકસાની માટેનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

ત્યારે ધારી પંથકનાં ગીર વિસ્તારમાં આવેલ ગીગાસણ તથા ઈંગોરાળા (ડુંગરી) ગામે થયેલ સર્વેમાં લોલમલોલ થયાનો આક્ષેપ સાથે ધારી ખાતે આવેલ મદદનીશ ખેતીવાડી નિયામકને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

સર્વે હાથ ધરવામાં આવ્યા બાદ લગભગ ૫૦ ટકા જેટલા ખેડૂતો સહાયથી વંચિત રહી ગયા હોય અને જો આવા ખેડૂતોનો સર્વે હાથ ધરી અને સહાય નહી આપવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન



કરવાની પણ ચીમકી ખેડૂતો ધ્વારા આપવામાં આવેલ છે.

## ભ્રષ્ટ રાજકીય આગેવાનો અને બેઈમાન અધિકારીઓને ખરી–ખોટી કહી

# ભાજપ અગ્રણીએ બાંધકામ ભ્રષ્ટાચારી સામે કર્યો જબ્બરો કટાક્ષ

કોઈપણ પ્રકારનાં સરકારી બાંધકામમાં ટકાવારી લેતા ભ્રષ્ટ પદાધિકારી અને બેઈમાન અધિકારીઓની આંખ ઉઘાડવા માટે કર્યો પ્રયાસ

માર્ગ–મકાન–સિંચાઈ, પાણી–પુરવઠા, જેટકો સહિત જે સરકારી વિભાગોમાં બાંધકામ થતાં હોય ત્યાં ટકાવારી હોય તેવું સૌ માને છે

ગરીબ પરિવારની મહિલા પીઠ ઉપર બાળક રાખીને મજૂરી કરતી હોય ત્યારે, બે પૈસા મળે અને ભ્રષ્ટાચારીઓને વગર મહેનતે લાખો રૂપિયા મળે

ભાજપ સરકારમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે ભાજપનાં અગ્રણીએ જ કટાક્ષ કરતાં ભારે ચકચાર ઉભી થઈ


પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૫
અમરેલી જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબાર હંમેશા ભ્રષ્ટાચાર, બેઈમાની સામે સોશ્યલ મીડિયા મારફત કટાક્ષ કરીને સૌનું ધ્યાન એ ઘટના સામે આકર્ષિત કરવાનો સફળ પ્રયાસ કરતાં આવ્યા છે. તાજેતરમાં તેઓએ બાંધકામ ક્ષેત્રે ભ્રષ્ટાચાર કરતાં પદાધિકારીઓ અને અધિકારીઓ સામે જબ્બરો કટાક્ષ કર્યો હતો.

તેઓએ સોશ્યલ મીડિયામાં એક તસ્વીર વાયરલ કરેલ જેમાં એક મહિલા તેમના વ્હાલસોયા પુત્રને પીઠમાં બાંધીને બાંધકામ સાઈટ ઉપર બળબળતા બપોરે ઈંટોની હેરફેર કરતી દર્શાવીને જણાવ્યું કે, જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ/કર્મચારીઓને જાહેર બાંધકામોમાંથી પૈસા ખાવાની આદત હોય તેમણે હાલની ગરમીમાં આવા કામો ચાલતા હોય ત્યાં મજૂરો વચ્ચે ૩–૪ કલાક ગાળવા, પાવડો–તગારૂ ઉપાડવાની જરૂર નથી, બાળકને વાંસા પર બાંધી માથે ઈંટો સારતી બહેનોને જોશો એટલે ખ્યાલ આવશે કેવો પૈસો આપણા ઘરમાં આવે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં દર વર્ષે અંદાજિત ૨૦૦થી ૩૦૦ કરોડનાં ખર્ચે માર્ગો, પુલો, મકાનો કે સિંચાઈ કે પાણી–પુરવઠાને લગત કામો થતાં હોય છે. તેમાં અમુક પદાધિકારી કે અધિકારીને બાદ કરતાં સરપંચથી લઈને જિલ્લા કક્ષાનાં પદાધિકારી અને નાના કર્મચારીથી લઈને ઉચ્ચ અધિકારી સુધીને બાંધકામ એજન્સી અમુક નક્કી કરેલી ટકાવારી મુજબ રકમ ચુકવતી હોય છે તે કડવી હકીકત સૌ કોઈ જાણે છે. પરંતુ ટોપ ટુ બોટમ સુધી માયાજાળ ફેલાયેલી હોય કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

### ભાગલાવાદી પરિવારોને લપડાક મળી

## કર્ણાટકમાં કોંગ્રેસે ભાજપનો સફાયો કર્યો : કોંગી પ્રમુખ ભંડેરી

### લોકસભાની ચૂંટણીમાં પણ કર્ણાટકવાળી થશે



અમરેલી, તા. ૧૫
દક્ષિણ ભારતનાં પ્રવેશદ્વાર સમાન કર્ણાટક રાજયમાં તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયું. જેમાં કોંગ્રેસનો સ્પષ્ટ બહુમતી સાથે ઐતિહાસિક અને ભવ્યવિજય થયો છે. કર્ણાટક રાજયમાં ભાજપની ભાગલાવાદી નિતિને કર્ણાટકની શાણી અને સમજૂ જનતાએ જાકારો આપીને કોંગ્રેસને સત્તાનું સુકાન સોંપેલ છે. આજે કર્ણાટકની જનતાએ શિક્ષણખ, બેરોજગારી, આરોગ્ય, ખેતી, ગરીબી, મોંઘવારી વગેરે જેવા સ્થાનિક મુદ્દાઓને ધ્યાનમાં લઈ કોંગ્રેસ તરફી જંગી મતદાન કરીને સત્તાનો તાજ કોંગ્રેસનાં શીરે મુકવામાં આવેલ છે. કર્ણાટકની શાણી અને સમજુ જનતાએ ભાજપના નેતાઓ દ્વારા અપાયેલ પ્રલોભન, ભાગલાવાદી નીતિ, ધાર્મિક મુદ્દાઓને જાકારો આપીને ભાજપ પક્ષને સત્તામાંથી બેદખલ કરવાનું કામ કર્યુ છે. આજે સમગ્ર ભારત દેશની જનતા કર્ણાટક રાજયનાં વિધાનસભાનાં પરિણામો પરથી શીખ મેળવીને ભાજપ પક્ષને વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ઘર ભેગા કરવાનું મન મનાવી લીધું છે. આજે સમગ્ર ભારત દેશમાં ભાજપનાં રાજમાં બેરોજગારી, ગરીબી, મોંઘવારી, શિક્ષણ, આરોગ્ય, ખેતી વગેરે જેવી અનેક સમસ્યાઓથી ભારત દેશની જનતા ત્રાહિમામ્ પોંકારી ગઈ છે. કર્ણાટક રાજયના વિધાનસભાના પરિણામો પરથી દેશની જનતા ભાજપ તથા તેના નેતાઓને ઓળખી ગઈ છે. જેનો જવાબ વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપની વિરૂધ્ધ મતદાન કરીને જરૂર આપશે. તેમ એક નિવેદનમાં તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ જણાવેલ છે.

## સાવરકુંડલા : લોહાણા મહાજનવાડી પાસે પાણી ભરાવાનો પ્રશ્ન દુર થયો



સાવરકુંડલા, તા. ૧૫
ચોમાસા પહેલા પ્રાણપ્રશ્ન સમાન લોહાણા મહાજન વાડી પાસે પાણી ભરાવવાના પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

સાંસદ નારણભાઈ કાછડીયા તથા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા શહેર ભાજપ દ્વારા રજૂઆત કરતા નગરપાલિકાના પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીને તાત્કાલિક સૂચના આપી બે દિવસમાં આનું કામનું નિરાકરણ કારણ આવેલ હાલ કામ શરૂ છે છેલ્લા ૧૦ વર્ષથી આ વિસ્તારના વેપારીનો ખૂબ જ મોટો પ્રશ્ન બની ગયો હતો અને સાવર વિભાગને જોડતો મુખ્ય રોડ છે જયારે ચોમાસું આવે લુહાર વાડી પાસે ચોમાસામાં પાણી ભરાવવાનાં પ્રાણપ્રશ્નને ભાજપની ટીમ તેમજ સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીને રજૂઆત કરતા તેઓએ આ ૧૦ વર્ષ જૂના પ્રશ્નનું નિરાકરણ લાવી તાત્કાલિક ધોરણે તેની કામ શરૂ કરવામાં આવ્યું.


એક્ટિવ સર્વિસ પોઈન્ટ
પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીંગ, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.
કડીયા કામ: નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.
RO ફિલ્ટર સર્વિસ
ઈલેકટ્રીક કામ: વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ
કલર કામ: પુટ્ટી, કલર.
■ AC સર્વિસ ■ સુથારીકામ ■ વેલ્ડિંગકામ ■ ગેસચુલા
એન્જીનીયરીંગ વર્ક: સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.
ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો
જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023
સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601



શૈક્ષણિક સંસ્થામાં સ્ટાફ જોઈએ છે
■ કમ્પ્યુટર ઓપરેટર/ઓફિસ વર્ક (ગર્લ્સ & બોયઝ) : Graduate બેઝીક કમ્પ્યુટર નોલેજ જરૂરી છે
■ એજયુકેશન સુપરવાઈઝર : B.ed + અનુભવી
■ પ્યુન : જેન્ટસ (ઉ.વ. ૨૫ થી ૪૦ વર્ષ) - ગુજરાતી લખતા-વાંચતા આવડતુ હોવું જરૂરી.
■ સીકયુરીટી : જેન્ટસ (ઉ.વ. ૨૫ થી ૪૦ વર્ષ) - ગુજરાતી લખતા-વાંચતા આવડતુ હોવું જરૂરી.
આકર્ષક પગાર ધોરણ ■ ઈ.પી.એફ. ફંડ સુવિધા ■ રહેવા-જમવાની સુવિધા
ફ્રેશર પણ એપ્લાય કરી શકશે ■ અનુભવી ઉમેદવારને અગ્રતા મળશે
ઉપરોકત અરજી શાળાએ રૂબરૂ અથવા ઈમેઈલ અથવા વોટ્સએપ મારફત PDF મોકલવી
vidyasabhasankul@gmail.com / 94262 35335
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત
અમરેલી જિલ્લા વિદ્યાસભા સ્કૂલ, હોસ્ટેલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં. ૯૪૨૬૨ ૩૫૩૩૫ www.vidyasabha.com



Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU
● ૧૦૦% ચેલેન્જથી કામ
● હસ્તરેખા, લગ્નમાં વિલંબ
● લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
● મેલી વસ્તુ મુક્તિ, ગ્રહકલેશ
● નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
● ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
● એક તરફી પ્રેમ, પ્રેમિપ્રેમિકા વશ
● પ્રેમમાં દગો, ધારેલી વ્યક્તિનું મિલન
● મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
● શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુક્તિ
મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ



ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઈ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



HONDA સપના કરશે સાકાર...
હોન્ડા CD110
કિંમત રૂા. 69,761/-* થી શરૂ
3+3 years warranty
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
ઓથો.ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૪૨ ૩૨૩૨૨



"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



॥ વંદે માતરમ્ ॥
YAMAHA જિજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જિજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

### જંતર-મંતર પર કુસ્તીબાજોનાં ધરણાના ૨૨ દિવસ

# કુસ્તીબાજોએ ભાજપના મહિલા સાંસદોને ખુલ્લો પત્ર લખ્યો

## મહિલા સાંસદોએ અમારા દુઃખમાં સામેલ થઇ અમારો સાથ આપવો જોઇએ એવી કુસ્તીબાજોની પત્ર દ્વારા માગ

નવી દિલ્હી, તા.૧૫

છેલ્લાં ૨૨ દિવસથી જંતર-મંતર પર ધરણાં આંદોલન કરનારા કુસ્તીબાજોએ કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઈરાની સહિત ભાજપના મહિલા સાંસદોને ખૂલ્લો પત્ર લખ્યો છે. આ પત્ર દ્વારા કુસ્તીબાજોએ મહિલા સાંસદ પાસે મદદ માંગી છે. જેથી બ્રિભૂષણ શરણ સિંહ પર કાર્યવાહી થઈ શકે.

'બેટી બચાઓ, બેટી પઢાઓ'નો નારો આપનાર મહિલા સાંસદોએ અમારા દુઃખમાં સામેલ થઈ અમારો સાથ આપવો જોઈએ એવી માંગણી કુસ્તીબાજોએ પત્ર દ્વારા કરી છે. એટલું જ નહીં પણ ૧૬મી મે ના રોજ દેશભરના જિલ્લા મુખ્યાલયો પર એક દિવસીય સત્યાગ્રહ કરવાની માંગણી પણ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જંતર-મંતર પર પત્રકારો સાથે વાત કરતાં વિનેશ ફોગટે કહ્યું કે, અમને ધરણાં પર બેસીને ૨૨ દિવસ થઇ ગયા છે. પરંતુ આજ સુધી ભાજપના એક પણ નેતા અમારા સુધી આવ્યા નથી. એક પણ મહિલા સાંસદ આવ્યા નથી. જે લોકો બેટી બચાઓ, બેટી પઢાઓનું સૂત્ર આપે છે તે લોકો અમારા દુઃખમાં સામેલ થતાં નથી. તેથી અમે ભાજપના મહિલા સાંસદોને ખૂલ્લો પત્ર લખ્યો છે. અમારા કુસ્તીબાજો તેમના ઘરે જઈને તેમને પત્ર આપશે.

કુસ્તીબાજ સાક્ષી મલિકે કહ્યું કે. અમે સમાજના તમામ લોકોનો સહકાર માંગી રહ્યાં છીએ. અમારી લઢાઈમાં સામેલ થાઓ. અમે જે આક્ષેપો કર્યા છે તે સાચા છે. માટે જ તમે બધા અમને સાથ આપી રહ્યાં છો. અમારા સમર્થનમાં જંતર-મંતર પર રોજ લોકો આવવા જોઈએ.

ઉપરાંત વિનેશ ફોગટે ૧૬મી મે ના રોજ લોકો તેમના સમર્થનમાં એક દિવસીય સત્યાગ્રહ કરે તેવું આહવાન પણ કર્યું હતું. ઉપરાંત તમે બધા પોતપોતાના જિલ્લા મુખ્યાલયમાં જઈને નિવેદન આપો એવી માંગણી વિનેશે કરી હતી.

પત્રમાં કુસ્તીબાજોએ લખ્યું છે કે ભારતીય કુસ્તી મહાસંઘના અધ્યક્ષએ અમારા જેવા ભારતના મહિલા કુસ્તીબાજોનું જાતીય શોષણ કર્યું છે. ફેડરેશનના અધ્યક્ષ પદ પર રહીને તેમણે ઘણીવાર મહિલા કુસ્તીબાજોનું જાતીય શોષણ કર્યું છે. અનેક કુસ્તીબાજોએ તેમના વિરુદ્ધ અવાજ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. પણ તેમની સત્તાની તાકાત સામે કોઈનું કંઈ પણ ચાલ્યું નહીં. અનેક કુસ્તીબાજોનું ભવિષ્ય ધૂળભેગું થઈ ગયું છે.

વધુમાં તેમણે પત્રમાં લખ્યું છે કે હવે પાણી માથા ઉપરથી જઈ રહ્યું છે, તેથી મહિલા કુસ્તીબાજોના સન્માન માટે લઢવા સિવાય અમારી પાસે બીજો કોઈ જ પર્યાય બચ્યો નથી. અમે અમારું જીવન અને અમારી રમત બાજુએ મુકીને અમારી પ્રતિષ્ઠા માટે લઢવાનો નિર્ણય લીધો છે. છેલ્લાં ૨૨ દિવસસથી અમે જંતર-મંતર પર ન્યાય માટે લઢી રહ્યાં છીએ. પણ તેનો કોઈ ફાયદો થઈ રહ્યો નથી. તેમની શક્તી સામે બધા જ આંધળા થઈ બેઠા છે. તેમણે પત્રમાં નોંધ્યું છે કે સત્તાધારી પક્ષના મહિલા સાંસદ હોવાથી અમને તમારી પાસે ઘણી અપેક્ષાઓ છે. તમે અમને મદદ કરો એવી અમારી વિનંતી છે. ન્યાય માટે અમારો અવાજ અને અમારી પ્રતિષ્ઠા બચાવો. અમારું માર્ગદર્શન કરવા તમે જંતર-મંતર પર આવવા માટે થોડો સમય કાઢો. એવી વિનંતી કુસ્તીબાજોએ પત્ર દ્વારા કરી છે.

### ''ચા ની ભૂકી ને 'ચા' બનાવ્યા પછી ફેંકો નહીં''



તસ્વીર : હરેશ બોરસાણીયા, મતીરાળા

તમે 'ચા'ની 'ચૂસ્કી'ની મજા લઈ લીધી હવે તમારી પાસે જે ચા ની ભૂકી તમે કચરામાં ફેંકો છો તો સાંભળો આ ભૂકી તમે તમારા ઘર આંગણે કોઈપણ ફૂલછોડ, તુલસી, મીઠો લીમડો કે અન્ય છોડને ભૂકીને કયારામાં નાખો જુઓ ચમત્કાર કોઈપણ છોડને ચા ની ભૂકી(નકામી) આપવાથી છોડ એકદમ લીલો થઈ જશે. તસ્વીરમાં મીઠો લીમડો છે. જે ૨૮ દિવસ પહેલા કાપી નાખ્યો હતો. આજે એકદમ લીલો અને કેટલો સરસ જોવા મળે છે. ચા ની ભૂકી સેન્દ્રીય ખાતરની ગરજ સારે છે.

### ગુજરાતના ન્યાયતંત્રમાં ફેરફારો

# ગુજરાત હાઈકોર્ટે ૬૮ જજમાંથી ૪૦ જજોની નિમણૂંકના આદેશ કર્યો

## પ્રમોશનની પ્રક્રિયા વિવાદમાં આવવાથી અને સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ૪૦ જજોનું સિલેક્શન ફરીથી કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાતના ૬૬ જજોના પ્રમોશન પર સુપ્રીમ કોર્ટની રોક બાદ હાઈકોર્ટે નવુ લિસ્ટ જાહેર કર્યું છે. તેમાં હાઈકોર્ટે ૬૮ જજનું પ્રમોશન લિસ્ટમાંથી ૪૪ જજને બહાર કરતા તેમને પરત જૂના પદ પર મોકલી દીધા છે. આ ઉપરાંત હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર, પ્રમોશન માટે યોગ્ય ગણાયેલા બાકી ૨૮ જજોનું અલગ લિસ્ટ જાહેર કર્યું છે. તેમને નવા પદ અપાયા છે. પ્રમોશનની પ્રક્રિયા વિવાદમાં આવવાથી અને સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ આજે ૪૦ જજોનું સિલેક્શન ફરીથી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે આખરે ગુજરાતના ન્યાયાધીશોના પ્રમોશન પર સ્ટે મૂકી દીધો હતો. ૮મી મેના રોજ સુનાવણી બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. ત્યારે સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ પ્રમોશનની યાદીમાંથી મોટી સંખ્યામાં જજોના નામ હટાવવામાં આવ્યા છે. ગુજરાતના ૬૮ ન્યાયાધીશોની બઢતી પર સુપ્રીમ કોર્ટે આપેલા સ્ટેની અસર રાજ્યના ન્યાયતંત્ર પર પડી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા તૈયાર કરાયેલી બઢતી યાદીમાંથી ૪૦ જજોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ હવે ગુજરાત હાઈકોર્ટે ૬૫ ટકા ક્વોટા સિસ્ટમ હેઠળ મેરિટ અને સિનિયોરિટીના સિદ્ધાંત સાથે પરીક્ષાના માર્કસને ધ્યાનમાં રાખીને નવી યાદી બનાવી છે. આ કેસમાં ૬૮ માંથી ૪૦ જજોના નામ જૂની યાદીમાંથી કાઢી નાખવામાં આવી છે. આજે જે લિસ્ટ જાહેર કરાયં છે, તેમાં ૪૦ જજની જૂની પોઝિશન યથાવત રહેશે. મોદી સરમેન માનહાનિ કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને બે વર્ષની સજા સંભળાવનારા જજ એચએચ વર્માનુ પ્રમોશન કોર્ટના નિર્ણયથી પ્રભાવિત થયુ નથી. વર્મા સહિત અન્ય ૨૭ જજનું પ્રમોશન યથાવત રખાયું છે. કારણ કે, આ તમામના લેખિત પરીક્ષામાં ૧૨૪ માર્કસથી વધુ છે. વર્માએ લેખિત પરીક્ષામાં ૧૨૭ અંક હાંસિલ કર્યા હતા. પહેલાના લિસ્ટમાં એચએચ વર્માને પ્રમોશન આપીને રાજકોટ મોકલવમા આવ્યા હતા. નવા લિસ્ટમાં જજ એચએચ વર્માનુ પોસ્ટીંગ રાજકોટમાં જ રાખવામાં આવ્યું છે. તેઓ ત્યાં એડિશન ડિસ્ટ્રીક્ટ એન્ડ એડિશન સેશન્સ જજ તરીકે કામ કરશે.

તો બીજી તરફ ગુજરાતની ન્યાયિક પ્રક્રિયામાં પોતાના નિર્ણયથી હડકંપ મચાવનારા જસ્ટિસ એમઆર શાહ સેવાનિવૃત્ત થયા છે. સુપ્રીમ કોર્ટમાં અંતિમવાર બેન્ચ પર બેસતા સમયે તેમની આંખોમાંથી આંસું આવી ગયા હતા. જસ્ટિસ શાહે કહ્યુ કે, હું નારિયેળની જેમ છુ. જો હું રડવાનું શરૂ કરી દઉ તો કૃપા મને માફ કરજો. બારના તમામ સદસ્યોનો દિલથી આભાર માનું છું. શાહે આગળ કહ્યું કે, હું સેવા નિવૃત્ત થનારો વ્યક્તિ નથી. હું એક નવી ઈનિંગ શરૂ કરીશ અને આ ઈનિંગ માટે હું ઈશ્વર પાસેથી સારા સ્વાસ્થયની પ્રાર્થના કરીશ. તેના બાદ તેઓએ રાજ કપૂરની ફિલ્મ મેરા નામ જોકરની કેટલીક પંક્તિઓ કહી હતી. કલ ખેલ મેં હમ હો ના... ગર્દિશમેં તારે રહેંગે સદા. ઉલ્લખેયની છે કે, શાહનો જન્મ ૧૬ મે, ૧૯૫૮ ના રોજ થયો હતો. તેઓએ લાંબા સમય સુધી વકીલાત કરી હતી. બાદમાં તેઓ ગુજરાત હાઈકોર્ટના જજ અને બાદમાં પટના હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા બાદ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા.

સુપ્રીમકોર્ટે ગુજરાતની જિલ્લા અદાલતોમાં ૬૮ જજોની બઢતી પર સ્ટે મૂકેલ જજોમાં એ જજ પણ સામેલ હતા જેમણે રાહુલ ગાંધીના માનહાનિના કેસમાં સુનાવણી કરી હતી અને તેમને દોષિત ઠેરવતાં બે વર્ષની સજા કરી હતી. ગુજરાત સરકારના જ બે ન્યાયિક અધિકારીઓએ ૬૫ ટકા પ્રમોશનના ક્વૉટા હેઠળ ૬૮ જજોના પ્રમોશનને પડકાર્યો હતો. હવે આ મામલે આગામી સુનાવણી ૮ ઓગસ્ટે કરવામાં આવશે. જેના પર ફાઈનલ સુનાવણી સીજેઆઈ કરશે. જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ સી.ટી.રવિકુમારની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી.

સુપ્રીમકોર્ટમાં જે અધિકારીઓએ આ અરજી દાખલ કરી હતી તેમનું નામ રવિ કુમાર મહેતા અને સચિન પ્રજાપતરાય મહેતા છે. બંને સિનિયર સિવિલ જજ કેડરના અધિકારી છે અને ખુદ ૬૫ ટકા ક્વૉટા માટે યોજાયેલી પરીક્ષામાં સામેલ પણ હતા. ગુજરાત સરકારના લીગલ ડિપાર્ટમેન્ટમાં અંડર સેક્રેટરી રવિ કુમાર મહેતાને ૨૦૦ માર્ક્સની પરીક્ષામાં ૧૩૫.૫ માર્ક્સ મળ્યા હતા. જ્યારે ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિઝ ઓથોરિટીમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર સચિન પ્રતાપ રાય મહેતાએ ૧૪૮.૫ માર્ક્સ મેળવ્યા હતા. બંને જજોને આરોપ મૂક્યો હતો કે પરીક્ષામાં તેમનાથી ઓછા માર્ક્સ લાવનારા જજોને જિલ્લા જજની કેડરમાં પસંદ કરી લેવાયા હતા. જોકે વધુ માર્ક્સ મેળવનારા અનેક ઉમેદવારોને રિજેક્ટ કરી દેવાયા હતા.

### પાકિસ્તાનની જેલમાંથી મુક્ત

# પાક.માંથી ૧૮૪ ગુજરાતી માછીમારોની વતન વાપસી

## મુક્ત થયેલા ૧૯૮ પૈકી ૧૮૨ માછીમારો ગુજરાતના, અમૃતસરની ટ્રેનથી વડોદરા રેલવે સ્ટેશન પહોંચ્યા

ગાંધીનગર, તા.૧૫

પાકિસ્તાનની જેલમાં રહેલા ભારતીય માછીમારોના એક સમુહને મુક્ત કરવામાં આવતા તે વાઘા બોર્ડરથી આજે વહેલી સવારે વડોદરા ખાતે આવી પહોંચ્યા હતા. ચારેક વર્ષના અંતરાલ બાદ ગુજરાત પરત ફરેલા આ માછીમારોએ શ્વાસમાં વતનની સુગંધનો દરિયો ભરી લીધો હતો. વડોદરા ખાતે આ સમુહનું ટ્રેન મારફત આગમન થતાં મંત્રી રાઘવજી પટેલ સહિતના આગેવાનો દ્વારા હારતોરા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ માછીમારોએ કોરોનાનો મહત્વનો તબક્કો પાકિસ્તાનની જેલમાં પસાર કર્યો છે. અરબી સમુદ્રમાં ભારતીય જળસીમામાં માછીમારી કરવા જતાં સાગરખેડૂઓને પાકિસ્તાન દ્વારા પકડી લેવામાં આવે છે અને તેનાં પર ત્યાંના કાયદાનુસાર કેસ ચલાવીને જેલમાં પૂરી દેવામાં આવે છે. ભારતીય જળ સીમામાંથી પકડાયેલા મોટાભાગના માછીમારોને કરાંચી નજીક આવેલી લાટી જેલમાં રાખવામાં આવે છે. પાકિસ્તાનની જેલમાં રહેલા ગુજરાતી માછીમારોને છોડાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપરાંત કેન્દ્રીય રાજ્યમંત્રી પુરુષોત્તમ રૂપાલાએ કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્ક સાધ્યો હતો. ગુજરાત સરકારના ઉક્ત પ્રયત્નોને પરિણામે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનની જેલમાં રહેલા ભારતીય માછીમારોને છોડાવવા માટે રાજદ્વારી પ્રયાસો કરતા તેને સફળતા મળી હતી અને પાકિસ્તાનના સત્તાધિશો દ્વારા ૧૯૮ ભારતીય માછીમારોને મુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મુક્ત કરવામાં આવેલા માછીમારો પૈકી ગુજરાતના ૧૮૪, આંધપ્રદેશના ૩, દિવના ૪, મહારાષ્ટ્રના ૫ અને ઉત્તરપ્રદેશના ૨નો સમાવેશ થાય છે. ગુજરાતની ૧૮૪ વ્યક્તિમાં ગિર સોમનાથ જિલ્લાના ૧૫૨, દેવભૂમિ દ્વારકાના ૨૨, જામનગર, જુનાગઢ, કચ્છ, વલસાડ અને નવસારીના એક-એક, પોરબંદરના પાંચ માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્તિ મળી છે.

### ખેલાડીઓના ધરણા ૨૨ દિવસ બાદ પણ જારી

# બ્રિજભૂષણ સામે ૫ કુસ્તીબાજના નિવેદન નોંધવાના હજુ પણ બાકી

## રેસલિંગ ફેડરેશનના પ્રમુખના મામલે રાજકારણ થવાના કારણે પોલીસ તપાસમાં ખૂબ કાળજી રાખી રહી છે

નવી દિલ્હી, તા.૧૫

જાતીય સતામણીના આરોપમાં ભારતીય રેસલિંગ ફેડરેશનના પ્રમુખ અને ભાજપ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહની ધરપકડની માંગ સાથે જંતર-મંતર ખાતે ખેલાડીઓની હડતાળ રવિવારે ૨૨માં દિવસે પણ યથાવત્ રહી છે. કુસ્તીબાજોએ કહ્યું કે, જ્યાં સુધી બ્રિજ ભૂષણની ધરપકડ નહીં થાય ત્યાં સુધી તેઓ કોઈપણ ભોગે હડતાળ સમાપ્ત કરશે નહીં. દરમિયાન બ્રિજભૂષણ પર જાતીય સતામણીનો આરોપ લગાવનાર સગીર મહિલા કુસ્તીબાજ સહિત માત્ર ૨ મહિલા કુસ્તીબાજોનું કનોટ પ્લેસ પોલીસ સ્ટેશન રાઉઝ એવન્યુ ખાતેની સંબંધિત કોર્ટમાં કલમ ૧૬૪નું નિવેદન નોંધાવી શકી છે. ૫ મહિલા કુસ્તીબાજોના નિવેદન હજુ નોંધવાના બાકી છે. આગામી સપ્તાહે અન્ય ૫ મહિલા કુસ્તીબાજોના નિવેદનો નોંધવામાં આવી શકે છે. આ માટે પોલીસે કોર્ટમાં અરજી કરી સમય આપવા વિનંતી કરી છે. હેડક્વાર્ટરના સૂત્રોના જણાવ્યા અનુસાર આ મામલે રાજકારણ થવાના કારણે પોલીસ તપાસમાં ખૂબ કાળજી રાખી રહી છે. પોલીસ કમિશનર સંજય અરોરા અને સ્પેશિયલ કમિશનર લો એન્ડ ઓર્ડર સાગર પ્રીત હુડા આ મામલાની તપાસ માટે રચાયેલી કમિટિ પાસેથી દરરોજ તપાસના પ્રગતિ રિપોર્ટની માહિતી મેળવી રહ્યા છે.

એસઆઈટીપણ રમત મંત્રાલયના સતત સંપર્કમાં છે. પોલીસ અધિકારીનું કહેવું છે કે, આ કેસમાં લગાવાયેલા આરોપો ઘણા જૂના છે. સાંસદ દ્વારા અલગ-અલગ સ્થળોએ યૌન શોષણ કરાયું હોવાનું પીડિતોએ આરોપ લગાવ્યો છે. જેના કારણે તપાસ ટીમને પુરાવા એકત્રિત કરવા ઘણા રાજ્યોમાં જવું પડશે. પોલીસનું કહેવું છે કે તપાસમાં લાંબો સમય લાગી શકે છે. તમામના નિવેદનો નોંધ્યા બાદ અને ગુનાના ઘટના સ્થળોની તપાસ કર્યા બાદ પોલીસ નિર્ણય લેશે કે સાંસદની ધરપકડ થઈ શકે છે કે નહીં.

બ્રિજભૂષણ શરણ સિંહના બે વખત નિવેદન લેવાયા છે. તેણે પોતાના પર લાગેલા આરોપોને ખોટા અને રાજનીતિથી પ્રેરિત ગણાવ્યા છે. બ્રિજભૂષણે પોતાના સ્પષ્ટીકરણમાં પુરાવા તરીકે પોલીસને કેટલાક વીડિયો અને મોબાઈલ ડેટા જલ્દીથી સોંપવાનું કહ્યું છે. મહિલા એડિશનલ ડીસીપીના નેતૃત્વમાં જૈની રચના કરાઈ છે. SITમાં ૬ ટીમો છે. દરેક ટીમમાં ૧૦ કર્મચારીઓ સામેલ છે. એટલે કે ૬૦થી વધુ પોલીસકર્મીઓ તપાસમાં લાગેલા છે, જેમાંથી ૪ મહિલા પોલીસ અધિકારી છે. ૬ મહિલા રેસલરો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના એડિશનલ સેક્રેટરી અને કોચ વિનોદ તોમર પણ આરોપી છે. તેમનું ૨ વખત નિવેદન પણ નોંધાયું છે. તાજેતરમાં આ મામલામાં એસઆઈટી દ્વારા રાઉઝ એવન્યુ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા પ્રથમ સ્ટેટસ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અત્યાર સુધીમાં ૩૦થી વધુ લોકોના નિવેદન નોંધાયા છે. કુસ્તીબાજોની ફરિયાદના આધારે પોલીસ ટીમ પુરાવા એકત્ર કરવા ઉત્તર પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, હરિયાણા અને કેટલાક અન્ય રાજ્યોમાં પણ ગઈ હતી.

### રશિયા-યુક્રેન યુધ્ધના અંતના કોઈ જ અણસાર નહીં

# મદદ મળશે તો વર્ષના અંત સુધી યુક્રેન રશિયાને હરાવશે

## યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ દાવો કર્યો

પેરિસ, તા.૧૫

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધના અંતનો કોઈ અણસાર વરતાતો નથી ત્યારે તાજેતરમાં યુક્રેનના રાષ્ટ્રપતિએ જેલેન્સ્કીએ જર્મનીની મુલાકાત વખતે દાવો કર્યો હતો કે આ જ રીતે મદદ મળતી રહી તો આ વર્ષના અંત સુધીમાં યુદ્ધમાં રશિયાને પરાસ્ત કરી શકાશે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે જો પશ્ચિમના દેશો તરફથી આ રીતે મદદ મળવાનું ચાલુ રહેશે તો યુક્રેન આ વર્ષના અંત સુધીમાં રશિયાને હરાવી શકે છે. અહીં એ વાત જણાવીએ કે જેલેન્સકી જર્મની અને ફ્રાન્સની મુલકાતે ગયા હતા ત્યારે તેમને મહત્વના કરાર કર્યા હતા. જેલેન્સ્કી જર્મનીમાં જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝને મળ્યા હતા. જેલેન્સકીએ જર્મનીને મદદ કરવા બદલ સ્કોલ્ઝનો પણ આભાર માન્યો હતો.

જેલેન્સકીની મુલાકાત વખતે જર્મન સરકારે યુક્રેનને નવી સહાયની જાહેરાત કરી છે, જે અંતર્ગત જર્મની યુક્રેનને લેપર્ડ બેટલ ટેંક, બખ્તરવાળા વાહનો, ચાર નવી એર ડિફેન્સ સિસ્ટમ આપશે. તાજેતરના દિવસોમાં યુક્રેન તરફથી રશિયા સામે આક્રમક હુમલાની વાત થઈ રહી છે, ત્યારે જેલેન્સકીને પૂછવામાં આવ્યું કે શું યુક્રેન હવે રશિયા સામે જવાબી કાર્યવાહી કરવા તૈયાર છે? તો જવાબમાં જેલેન્સકીએ હળવા અંદાજમાં કહ્યું હતું કે આ માટે તેમણે બીજી વિદેશ યાત્રા પર જવું પડશે. મતલબ તેમને હજુ વધુ મદદની જરૂર છે.

અગાઉ ઝેલેન્સ્કી રવિવારે પેરિસ ગયા હતા અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને પણ મળ્યા હતા.

ફ્રાન્સે યુક્રેનને સૈન્ય મદદની પણ જાહેરાત કરી છે. જે અંતર્ગત યુક્રેનને ફ્રાન્સ તરફથી લાઈટ ટેંક, સૈનિકોની તાલીમ અને અન્ય સુવિધાઓ આપવામાં આવી છે. યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે યુરોપ સાથે સંબંધો મજબૂત થઈ રહ્યા છે અને રશિયા પર પણ દબાણ વધી રહ્યું છે, તેથી આ યુદ્ધનો અંત ઝડપથી આવી શકે છે.

### જેનરિક દવાઓને લઈને કેન્દ્ર સરકારનું કડક વલણ

# ડોક્ટર્સને જેનરિક દવાઓ લખવા કેન્દ્રની સુચના, કાર્યવાહીની ચીમકી

## ડોક્ટરો દ્વારા બ્રાન્ડેડ દવાઓ લખવામાં આવી રહી છે જે યોગ્ય નથી, આ ઉપરાંત મેડિકલ રિપ્રેઝન્ટેટિવને ડોક્ટરોને મળવા નવી ગાઈડલાઈન બહાર પડાઈ

નવી દિલ્હી, તા.૧૫

દેશમાં જેનરિક દવાઓના ઉપયોગને લઈને કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. કેન્દ્ર સરકારે એક આદેશ જારી કર્યો છે, જેમાં તેમના તમામ ડોક્ટરોને જેનરિક દવા લખવાની સૂચના આપવામાં આવી છે. સરકારે કહ્યું કે, જો ડૉક્ટરો તેમના પ્રિસ્ક્રિપ્શનમાં જેનરિક દવા લખશે નહીં તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આરોગ્ય સેવાઓના મહાનિર્દેશકે આદેશ જારી કરવાની સાથે ચેતવણી આપી છે કે, કોઈપણ ડૉક્ટર તેમના પ્રિસ્ક્રિપ્શનમાં જેનરિક દવાઓનો સમાવેશ નહીં કરે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

આદેશમાં કહેવાયું છે કે, કેટલાક ડોક્ટરો દ્વારા બ્રાન્ડેડ દવાઓ લખવામાં આવી રહી છે જે યોગ્ય નથી. આ ઉપરાંત મેડિકલ રિપ્રેઝન્ટેટિવને ડોક્ટરોને મળવા માટે નવી ગાઈડલાઈન પણ બહાર પડાઈ છે. ડૉ.અતુલ ગોયલે તેમની નોટિસમાં ડોક્ટરોને કોઈપણ સંજોગોમાં તેમના પ્રિસ્ક્રિપ્શન પર માત્ર જેનેરિક દવાઓ લખવાની સૂચના આપી છે.

તેમણે આદેશ જારી કરતા કહ્યું કે, ઘણા મામલાઓમાં કમિટીના ધ્યાને આવ્યું છે કે, ઘણા ડોક્ટરો તેમની પ્રિસ્ક્રિપ્શનમાં જેનરિક દવાઓના નામો લખી રહ્યા નથી. આવી સ્થિતિમાં આ આદેશનો સંપૂર્ણ અમલ થાય અને પ્રિસ્ક્રિપ્શન પર માત્ર અને માત્ર જેનેરિક દવાઓ લખવામાં આવે.

ઉલ્લેખનિય છે કે, અગાઉ પણ આવો આદેશ જારી કરવામાં આવ્યો હતો, તેમ છતાં કેટલાક ડોક્ટરો દ્વારા પ્રિસ્ક્રિપ્શન પર બ્રાન્ડેડ દવાઓ લખવામાં આવી રહી છે. બ્રાન્ડેડ દવાઓ લખવા પાછળ જેનરિક દવાઓની ઉપલબ્ધતાને પણ જવાબદાર માનવામાં આવે છે. મોટાભાગની સરકારી હોસ્પિટલોમાં જેનરિક દવાઓની અછતના કિસ્સાઓ પણ સામે આવી ચુક્યા છે. સામાન્ય રીતે બ્રાન્ડેડ દવાઓ કરતાં જેનરિક દવાઓ ઘણી સસ્તી હોય છે. દવાઓ સસ્તી હોવાના કારણે દર્દીઓ પર આર્થિક બોજો પડતો નથી. બ્રાન્ડેડ અને જેનરિક દવાઓની કિંમતોમાં જમીન-આસમાનનો તફાવત હોય છે.

# દેશમાં પાંચ વંદે ભારત ટ્રેન લોન્ચ થશે

નવી દિલ્હી, તા.૧૫

દેશમાં અત્યાર સુધીમાં ઘણી વંદે ભારત ટ્રેનો શરૂ થઈ ગઈ છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કેરળ, ગુજરાત સહિત ઘણા રાજ્યોને વંદે ભારત ટ્રેન શરૂ થઈ ગઈ છે. તો દેશના અન્ય નવા રૂટો પર પણ મુસાફરો વધુ વંદે ભારત ટ્રેનોની રાહ જોઈ રહ્યા છે. ત્યારે ટુંક સમયમાં રેલવે તરફથી સારા સમાચાર મળવાના છે. જૂનમાં ઓછામાં ઓછી પાંચ વંદે ભારત ટ્રેનો લોન્ચ થશે. ૧૫મી મેએ પુરીથી હાવડા રૂટ પર વંદે ભારત ટ્રેન લોન્ચ કરવામાં આવી શકે છે રિપોર્ટ અનુસાર પુરી-હાવડા વંદે ભારત ટ્રેન બાદ ન્યુ જલપાઈ ગુડી-ગુવાહાટી વંદે ભારત ટ્રેન દોડાવાશે. ત્યારબાદ પટણા-રાંચી રૂટ પર વંદે ભારત ટ્રેનની શરૂઆત થવાની સંભાવના છે. ગુવાહાટીમાં શરૂ થનારા વંદે ભારત ટ્રેન ઉત્તરપૂર્વની પ્રથમ ટ્રેન હશે. જ્યારે પુરી-હાવડા વંદે ભારત ટ્રેનની વાત કરીએ તો આ ટ્રેન પુરી, ઓડિસાથી સવારે ૫.૫૦ કલાકે ઉપડી શકે છે અને ત્યારબાદ હાવડાથી બપોરે ૨ વાગે પરત ફરી શકે છે. ઓડિશા સરકારે આ હાઈ સ્પીડ ટ્રેનને ભુવનેશ્વ-હૈદરાબાદ, પુરી-રાયપુર અને પુરી-હાવડા રૂટ પર દોડાવવાની માંગ કરી છે. ટ્રાયલ રન દરમિયાન હાવડા-પુરી રૂટ પરની વંદે ભારત ટ્રેને ખડગપુર, બાલાસોર, ભદ્રક, જયપુર-કિયોંઝર રોડ, કટક, ભુવનેશ્વર, ખુર્દ ખાતે સ્ટોપેજ લીધું હતું.

અહીં ટ્રેન ૨ મિનિટ રોકાઈ હતી. ઉલ્લેખનિય છે કે, ગત મહિને વડાપ્રધાન મોદીએ ઘણી વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. મધ્યપ્રદેશ અને દિલ્હી વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી હતી, જ્યારે રાજસ્થાન અને કેરળને પણ વંદે ભારત ટ્રેનની ભેટ મળી હતી. આવનારા સમયમાં વંદે ભારત ટ્રેન ઘણા નવા રૂટ પર જોવા મળી શકે છે.

### જમ્મુ કાશ્મીરમાં એનઆઈએની મોટી કાર્યવાહી

# શ્રીનગર સહિત ૫ જિલ્લામાં ૧૩ સ્થળ પર NIAના દરોડા

## શ્રીનગરના કુરસુ રાજબાગમાં ૩ ભાઈ મોહમ્મદ અયુબ પક્ષૂન, તારિક અહેમદ અને સફીનના ઘરોની તપાસ કરી

જમ્મુ, તા.૧૫

જમ્મુ કાશ્મીરમાં એનઆઈએની મોટી કાર્યવાહી સામે આવી છે. દક્ષિણ કાશ્મીરના શોપિયાં અને પુલવામામાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ટેરર ફંડિંગના સંબંધમાં કેટલાક સ્થળોએ સર્ચ હાથ ધર્યું છે. પહેલા પણ એનઆઈએએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ષડયંત્રના સંદર્ભમાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા. મળતી માહિતી મુજબ એનઆઈએ ટેરર ફંડિંગને લઈ શ્રીનગર સહિત ૫ જિલ્લામાં ૧૩ સ્થળો પર દરોડા કાર્યવાહી હાથ ધરી છે.

એનઆઈએએ ફરી એક વખત શ્રીનગરના કુરસુ રાજબાગમાં ત્રણ ભાઈઓ મોહમ્મદ અયુબ પક્ષૂન, તારિક અહેમદ અને સફીનના ઘરોની તપાસ કરી હતી. ઝાકુરામાં મુશ્તાક અહમદ પિંજુના ઘરની તલાશી લેવામાં આવી હતી. બડગામ જિલ્લાના યુદ્ધ સંગમ વિસ્તારમાં સજ્જાદ અહેમદ ખાનના ઘરની તલાશી લીધા બાદ એનઆઈએએ તેને પૂછપરછ માટે કસ્ટડીમાં પણ લીધો હતો. આ સાથે જ બડગામના જ મીર મોહલ્લા નસરુલ્લાપોરામાં ફયાઝ અહમદ રાથેરના ઘરની તલાશી લેવામાં આવી હતી.

### માયાજાળમાં ફસાવીને ૧૫ લાખની છેતરપીંડી આચરી

# તાલાળાના પાણીકોઠા ગામના તાંત્રિકોની ટોળકીએ ૫૦૦ કરોડનો ઢગલો બતાવવાની માયાજાળમાં લાખો પડાવ્યા

## સમગ્ર ઘટનાક્રમ અંગે પીડિતે પોલીસને લેખિતમાં અરજી કરી

ઉના, તા. ૧૫

ગીર સોમનાથ જિલ્લાની તાંત્રિકોની ટોળકીએ પૈસાની જરૂરીયાત વાળા લોકોને પૈસાનો ઢગલો કરાવી દેવાની માયાજાળમાં ફસાવીને લાખોની રકમ પડાવી છેતરપિંડી આચરતી હોવાનો એલસીબીએ પર્દાફાશ કરી ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે પૂજારી સમક્ષ ૫૦૦ કરોડનો ઢગલો કરી દેવાની માયાજાળ આ આરોપીઓ પાસેથી તાંત્રિક વિધિમાં ઉપયોગ લેનાર નકલી ખોપડી, સાપ, મોબાઈલ જેવી વસ્તુઓ તથા રોકડા રૂ.૬.૪૬ લાખ, ૨૧ તોલા સોનું સહિત ૧૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ તાંત્રિક ટોળકીએ અત્યાર સુધીમાં અનેક લોકોને શીશામાં ઉતારી સોના અને રોકડ સહિત એકાદ કરોડની છેતરપિંડી આચરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવેલ છે. હાલ આ મામલે રાજકોટના પૂજારી સમક્ષ ૫૦૦ કરોડનો ઢગલો કરી દેવાની માયાજાળમાં ફસાવીને ૧૫ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ તાલાલા પોલીસમાં નોંધાઈ છે


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

આ તાંત્રિક ટોળકીના પર્દાફાશ મામલે એસ.પી. મનોહરસિંહ જાડેજાએ પત્રકાર પરિષદમાં જણાવેલ કે, બે વર્ષ પહેલા રાજકોટ ખાતે રહેતા પૂજારી હરકીશનભાઈ ગૌસ્વામીએ આશ્રમ બનાવવા માટે પૈસાની જરૂરીયાત હોવાની વાત કરતા અલ્તાફ સમાએ કહેલ કે, તાલાલાના પાણીકોઠા ગામે રહેતા મુસા બાપુને સાક્ષાત માતાજી આવે છે તે ૫૦૦ કરોડ રૂપિયાનો ઢગલો કરી દેશે જેના માટે વિધિ કરવી પડશે. જેના માટે હરકીશન બાપુને પાણીકોઠા ગામે મુસા બાપુની વાડીએ લઈ ગયેલ જયાં રાત્રીના ગોળ કુંડાળામાં બેસાડીને મુસાબાપુએ વિધી ચાલુ કરી હતી. ત્યારે અચાનક એક લાંબી કાળ ા વસ્ત્રો ધારણ કરેલ વ્યકિત પ્રગટ થયેલ જે માતાજી હોવાનું જણાવીને મુસાબાપુએ કહેલ કે, માતાજી આ ભેખધારી માણસને પૈસાની જરૂરીયાત છે તમે કૃપા કરો એટલું કહેતા જ અંધારામાં માતાજી આલોપ થઈ ગયા હતા. જેથી મુસાબાપુએ કહેલ કે, માતાજીને પ્રસન્ન કરવા માટે સાડા પાંચ લાખ રૂપિયાનું કામરૂપ અથવા પુસ્કર દેશનું તેલ મંગાવું પડશે જેના માટે તમે થોડા દિવસો માટે પૈસા વ્યાજે લઈ લો પછી હું તમને પૈસાનો ઢગલો કરી દઈશ તેમાંથી તમે પરત આપી દેજો. જેથી હરકીશન પુજારીએ તેમના બહેન અને સેવકો પાસેથી રકમ એકત્ર કરીને કટકે કટકે રૂા.૧૫ લાખ જેવી રકમ તાંત્રિક વિધિ કરવા અને તેની સામગ્રી લેવા માટે મુસાબાપુને આપેલ હતી.

આશ્રમના પૈસા પછી આપીશ તેમ કહી અદ્રશ્ય થઈ ગયા આ તાંત્રિક વિધિ દરમ્યાન પ્રગટ થયેલ માતાજીએ એક વખત ધર્માદાના રૂપિયા આપુ છું આશ્રમના પૈસા પછી આપીશ તેમ કહી અદ્રશ્ય થઈ ગયા હતા. બાદમાં વિધિમાં પૂજારીને વાડીના એક રૂમમાં ભોંયરામાં રાખેલ લાખોની રકમ બતાવી આવી જ રીતે રાજકોટ તમારા ઘરે વિધી કરવાથી પૈસાનો ઢગલો થશે તેમ કહી વિસમાં લઈ લીધા હતા. બાદમાં કારમાં મુસાબાપુ, અલ્તાફ સહિતના પૂજારી હરકીશન સાથે રાજકોટ તેમના ઘરે વિધી કરવા જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં સાદા કપડામાં રહેલ બે નકલી પોલીસ કર્મચારીઓએ કારને વાહન ચેકીંગ કરવા માટે રોકાવી તલાસી લીધેલ ત્યારે ૩ લાખ રોકડા અને ખોપરી મળી આવી હતી. જેથી નકલી પોલીસે મારકુટ કરી મુસાબાપુને ઝડપી લીધેલ જયારે પૂજારી હરકીશનને ભગાડી દીધેલ હતા. જેના થોડા દિવસો પછી મુસાબાપુએ પૂજારીને ફોન કરીને પોતે પોલીસના ચુંગાલમાંથી માંડ નીકળેલ હોય અને હવે માતાજી નારાજ થઈ ગયા હોવાથી વિધી થશે નહીં તેવું જણાવેલ હતુ.

સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસને લેખિતમાં અરજી કરી હતી વધુમાં એસ.પી. જાડેજાએ જણાવેલ કે, પૂજારી હરકીશનભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસને લેખિતમાં અરજી કરી હતી. જેની તપાસમાં તાંત્રિક ટોળકીની કરતૂતોનો પર્દાફાશ થયો છે. અત્યાર સુધીમાં આ ટોળકીએ અનેક પૈસાની જરૂરીયાતવાળા લોકોને માયાજાળમાં ફસાવીને ૯૩ લાખ રોકડા અને ૬૬ તોલા સોનાની છેતરપિંડી આચરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ મામલે તાંત્રિક ટોળકીના ૧૦ આરોપીઓને ઝડપી પાડયા છે અને ચારને પકડવા તજવીજ હાથ ધરી છે. આ તાંત્રિક ટોળ કીના પકડાયેલા આરોપીઓમાં તાંત્રિક વિધી કરનાર, નકલી પોલીસ કર્મીઓ બનનાર અને નકલી પત્રકાર બનનાર સામેલ છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓને ઝડપી પૂછપરછ કરતા ગીર સોમનાથ જિલ્લાની તાંત્રિકોની ટોળકી પૈસાની જરૂરીયાત વાળા લોકોને પૈસાનો ઢગલો કરાવી દેવાની માયાજાળમાં ફસાવીને લાખોની રકમ પડાવી છેતરપીંડી આચરતી હોવાનો એલ.સી.બી.એ પર્દાફાશ કર્યો હતો.

આ તાંત્રિક ટોળકીએ આશરે દોઢ વર્ષ પહેલા કુવાડવા રાજકોટના દામભાઈ ડાભીને સાતસો કરોડ રૂપિયા ઉતારવાના નામે તેમની પાસેથી અંદાજે કુલ રૂપિયા ૨૫ લાખ તેમજ સવા અગીયાર તોલા સોનાના નાગની મુર્તી પડાવી લીધેલ, ત્રણ વર્ષ પહેલા રાજુભાઈ પટેલ રાજકોટવાળા પાસેથી પચ્ચીસો કરોડ રૂપીયા ઉતારવાના નામે તેમની પાસેથી અંદાજે કુલ રૂપીયા ૩૫ લાખ તેમજ બત્રીસ તોલા સોનાના નાગની મુર્તી પડાવી લીધેલ, દોઢેક વર્ષ પહેલા સતીષભાઈ પટેલ તથા તેમના પત્નિ રહે.અમદાવાદ વાળા પાસેથી છસ્સો કરોડ રૂપીયા ઉતારવાના નામે તેમની પાસેથી અંદાજે કુલ રૂપિયા ૭ લાખ ૫૯ હજાર તેમજ અગીયાર તોલા સોનાના નાગની મુર્તી પડાવી લીધેલ. પાંચેક વર્ષ પહેલા અમદાવાદ આજુબાજુના ગામના સરપંચ પાસેથી પૈસા ઉતારવાના નામે તેમની પાસેથી અંદાજે કુલ રૂપિયા ૧૧ લાખ તેમજ અગીયાર તોલા સોનાના નાગની મુર્તી પડાવી લીધેલ.

દોઢેક વર્ષ પહેલા વેરાવળના યુસુફભાઈ ઘાંચી પાસેથી પૈસા ઉતારવાના નામે તેમની પાસેથી અંદાજે કુલ રૂપિયા ૧૧ લાખ પડાવી લીધેલ. એકાદ વર્ષ પહેલા બામણાસાગીર ગામના વિજય તથા મહેશ આહીર પાસેથી માયા કાઢ વાના બહાને રૂપીયા ૪ લાખ પડાવી લીધેલ ત્યારે અત્યાર સુધીમાં અનેક લોકોને શીશામાં ઉતારી ૬૬ તોલા સોનાની અને ૯૩ લાખ રોકડની છેતરપીંડી આચરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવેલ હતું.

# બરોડામાં શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું




અમરેલી, તા. ૧૫

તારીખ ૧૪–૦૫–૨૦૨૩ બરોડામાં શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું, ફ્રેન્ચાઈઝી ઓનર નીલભાઈએ રીબીન કાપી પાર્લરનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ તકે બરોડાના શીતલ આઈસ્ક્રીમના ડિસ્ટ્રીબ્યુટર, એરીયા સેલ્સ મેનેજર આનંદભાઈ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. તેવું શીતલના ફ્રેન્ચાઈઝી હેડ નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# સાવરકુંડલા : બ્રહ્મલીન સંત શ્રી ધનાબાપુનાં તેરસી ભંડારાનું આયોજન



સાવરકુંડલા. તા. ૧૫

બ્રહ્મલીન સંત શ્રી ધનાબાપુના તેરસી ભંડારાનું ભવ્યઆયોજન બ્રહ્મલીન સંત શ્રી ધનાબાપુ ગુરૂ ગોવિંદબાપુ (સાવરકુંડલા)ના તેરસી ભંડારાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન મહંત શ્રી રામદાસબાપુએ દૂર દૂરથી આવેલા શિષ્ય સમુદાયને આવકારેલ. આ તકે સંત સભાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

જેમાં ધનાબાપુની જીવન ઝરમર વિશે સંતોએ શ્રોતાઓને સત્સંગમાં જણાવેલ. ગિરનારી ભક્તો જુનાગઢથી આવ્યાં હતાં.સંત સભાના અધ્યક્ષ સ્થાને મસ્તરામબાપુ (ઘીની ખોડીયાર) હતાં. સભાનું સંચાલન ઘનશ્યાબાપુએ કર્યું હતું. એમ મનીષભાઈ વિંઝુડાની એક યાદીમાં જણાવાયું હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### માત્ર ડીઝલનો ધુમાડો કરવા માટે હોય તેવુ લાગે છે

# લ્યો બોલો : બાબરાનાં નાની કુંડળ ગામે એકી સાથે ૨ બસોનાં રાત્રિ રોકાણથી આશ્ચર્ય

## વિભાગીય નિયામક દ્વારા તપાસ થાય તેવી માંગ

બાબરા, તા.૧૫

બાબરા શહેરમાં આવેલું છે મોટું એસ બસ સ્ટેન્ડ ત્યાં નથી કરતી નાઈટ હોલ્ટ એકપણ બસ બાબરા પાંચાલ વિસ્તારમાં આવેલ છેવાડે આવેલ નાની કુંડલ ગામ જયાં કરે છે બે જેટલી બસ નાઈટ હોલ્ટ પાંચાલ વિસ્તારમાં આવેલું આ નાની કુંડલ ગામ હટાણું કરવાં માટે નથી આવતું બાબરા આ ગામના લોકો હટાણું કરવા માટે જસદણ અને ગઢડા તરફ જતા હોય છે.


તસ્વીર : પંકજ ઇન્દ્રોડીયા–બાબરા



તેમ છતાં એસ ટી નિગમ દ્વારા કોના કહેવાથી બબે બસોનો હોલ્ટ કરાવવા આવે છે નાઈટ હોલ્ટ બાબરાથી વાયા કરિયાણાં થઈને જતી બસ ખાલી ડ્રાયવર કન્ડક્ટર લઈ ને જતી રહે છે વાયા જામબરવાળા થઈ ને જતી બસ માત્ર એક મુસાફર ને લઈ ને જાય છે જો આની આ આ પરિસ્થિતિ માં એસ ટી બસ પરતમાં લી ખમ આવે છે પરત એસ ટી નિગમ દ્વારા આવા રૂટ ને તાત્કાલિક અસરથી બંધ કરવા જોઈએ સૂત્રોના જણાવ્યા અનુસારઅગાઉ થોડા મહિના પહેલા આ બને બસોમાંથી ડીઝલ ચોરી નો પણ બનાવ બન્યો હતો એ બારા ની અરજી પણ બાબરા પોલીસમાં આપવામાં આવી હતી આ બને બસો માં નથી કોઈ વિધાર્થીઓ કે રત્નકલાકારો અપડાઉન કરતા આવડી મોટી ખોટ ખાય ને એમ છતાં કેમ દોડાવવામાં આવી રહી છે. આ બસો બાબરા તાલુકાના છેવાડાનું ગામ હોય નાની કુંડલ હોય અને ત્યાં આ બે બસ વિના ટ્રાફિકે હોલ્ટ કરતી હોય આ બાબતે એસ ટી નિગમ જાણે છે કદાચ અજાણ હોય આ બાબતની જાણકારી મેલવી આવી ખોટ ખાતી એસ ટી ની બસ ને બંધ કરવી જોઈએ અથવા અન્ય રૂટ માં દોડાવવાની જરૂર છે જે જરૂરી ગામડાઓ છે કે જયાં વિધાર્થીઓ તેમજ રત્નકલાકારો નાના મોટા વેપારીઓ સ્થાનિક ગ્રાહકો બાબરા આવતા જતા હોય છે ત્યાં રૂટ માં અથવા તેવા ગ્રામ્ય વિસ્તારોમાં બસ શરૂ કરવાથી નિગમ ને આવક થઈ શકે તેમ છે તેમજ ગામના લોકોનો સુવિધાઓ મળી રહે છે માટે આવા ખોટ ખાતા એસ ટી રૂટ તાત્કાલિક અસરથી બંધ કરવા માટે નિગમ આગળ આવે છે કે નહીં એ જોવું રહ્યું

### ''માં''– એકાક્ષરી મંત્ર છે

# ''માં''–નો વરસે એક જ દિવસ થોડો હોય મમતાનો આખો જન્મારો ટૂંકો પડે...!!

હું એટલો ભાગ્યશાળી નથી કે, 'માં'નો સથવારો હોય, આશરે બે દશકા પહેલાં સાથ છૂટી ગયો. આથી હવે જયારે જયારે મધર્સ ડે આવે છે ત્યારે તેની ઉમરનાં હૈયાત માતાઓમાં, મારા બા ની છબી જોવ છું અને એમને રાજી રાખવાનાં પ્રયાસો કરું છું.




માટે જ આજે સાવરકુંડલામાં આવેલા ગીરધર વાવનાં ગિરધર ઘર(નિરાધાર વૃદ્ધોનું આશ્રય સ્થાન)ની મુલાકાત લઈ. મારા પૂ. બા ની સમવયસ્ક સગી બે બ્રહ્મદેવ બહેનો, એક ૭૫ વર્ષનાં નિવૃત શોરા વિદ્યા મંદિર શાળાના શિક્ષિકા ચંદ્રિકાબેન રતિલાલ મહેતા અને તેમના ૮૨ વર્ષનાં મોટા બહેન જ નેસડી ગામમાં બાલમંદિરનાં નિવૃત શિક્ષિકા છે, નલીનીબેન મહેતા તેમને ખાસ મળવા ગયો. એવો અનુભવ થયો કે, સગો દીકરો પોતાની માતાને મળવા આવ્યો હોય.

બન્ને બહેનોની આંખમાં હરખનાં આંસુ આવી ગયાં. આજથી ચાલીશ વર્ષ પહેલાની અમને પ્રાથમિક શિક્ષણ આપતા તે વાતો ખૂબ જ વાગોળ ી. મને બન્ને બહેનોમાં મારા માતાની છબી દેખાણી. મને પણ આ બન્ને બહેનો જયારે મને મળીને ખૂબ રાજી થયા ત્યારે આજે ૫૫ વર્ષનાં દીકરાને માં એ પોતાનાં હાથે કોળિયો જમાડયો હોય તેવો ઓડકાર આવ્યો.

– પ્રતાપભાઈ ખુમાણ,
સા.કુંડલા.

# ડોક્ટરે કહ્યું છ મહિના જીવશે માતાની અથાગ સેવા, હુંફ અને પ્રેમથી બાળકી છ વર્ષની થઇ ગઇ






બાળકને જીવનમાં માતાનો પ્રેમ સૌથી વધુ મળે છે માતા બાળકને નિસ્વાર્થ ભાવે પ્રેમ કરે છે. બાળક પ્રત્યે માતાને જેટલી લાગણી હોય છે એટલી કોઈપણને હોતી નથી એટલે તો કહેવતમાં કહેવાયું છે કે મા તે મા બીજા વગડાના વા.આ કહેવતને સાર્થક કરતું ઉત્તમ ઉદાહરણ. સાવરકુંડલાના એક વાણીયા સોની પરિવારમાંજોવા મળે છે. સાવરકુંડલા શહેરના એક પરિવારની વાત કરીએ તો કેસરબેન નામની એક બાળકીનો જન્મ થયો. જન્મથી જ આ બાળકીને અસાધ્ય એવો રોગ થયો છે કે જેનું નામ હાઈડ્રોસેફુલસ છે, કે જેમાં બાળકને માથામાં પાણી ભરાય છે અને માથાની સાઈઝ ખૂબ જ મોટી થઈ જાય છે અને છાતીથી પગ સુધીનો ભાગ બે મહિનાના બાળક જેટલો થાય છે. આ બાળક કોઈ પણ પ્રકાર હલનચલન કરી શકતી નથી. ૨૪ કલાક ૩૬૫ દિવસ ફક્ત અને ફક્ત સૂતું જ રહે છે, કેસરબેનને દ્રષ્ટિ નથી પરંતુ માતાની બે આંખથી બધું જુએ છે, આ રોગ જવલ્લે જ જોવા મળતો હોય છે.આ રોગનો ભોગ બનેલ બાળક માત્ર છ થી સાત મહિના જીવી શકે છે પરંતુ છ વર્ષની કેસરબેનની માતા કાજલબેન સોનીની સેવા, હૂફ અને અથાંગ પ્રેમે આ રોગના લક્ષણો ફેરવી નાખ્યા.!! કેસરબેનને આ જન્મથી જ રોગની બીમારી હતી. ડોટકરનું કહેવું છે કે મેડિકલ સાયન્સ પૂરૂ થાય ત્યારે આવા કેસ શરૂઆત થાય છે આ બાળક છ થી સાત મહિના જીવી શકે છે. કેસરબેનના જન્મ સમયે જ ડોકટરે કહ્યું હતું કે જયાં સુધી જીવે ત્યાં સુધી સેવા કરવી પડશે બાળકને સવારે દૈનિક કાર્યથી લઈને એના ખોરાકની નવડાવવા ધોવડાવવાની સંપૂર્ણ જવાબદારી પૂરા દિલથી એમની માતા કાજલબેન કરે છે. કાજલબેનના પતિ સત્યમભાઈ એક પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષક છે એમનો બધી બાબતમાં પણ સપોર્ટ મળ્યા રહે છે. હાલ અત્યારે કેસરબેન છ વર્ષના થયા છે અને આમ જોઈએ તો એમના ખાલી કાનની શ્રવણ શક્તિ સારી છે કે જે એમના માતાનો અવાજ પિતાનો અવાજ અને દાદીનો અવાજ ઓળખીને ખડખડાટ હસે છે. આ વાત પરથી આપણે એવું કહી શકીએ કે જો માતા પિતા આવા શારીરિક દિવ્યાંગ બાળકોની સાથે સારી રીતે સારો સંભાળ કરે તો એમનું જીવન ધન્ય થઈ જાય છે અને આયુષ્ય પણ વધે છે. ધન્ય છે માતા કાજલબેનને કે આ દીકરીનું જીવન તો રોશન કરે જ છે પણ સાથે સાથે પોતાનું, કુટુંબનું અને સમાજનું નામ પણ રોશન કરે છે.

# વડિયા : ખજુરી ખાતે સિદ્ધેશ્વર મહાદેવ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ





ખજુરી મુકામે શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મૂર્તિ પ્રતિષ્ઠાનો પ્રારંભ થયો છે. પોથીયાત્રા શિવમહાપુરાણમાં શિવપાર્વતીના લગ્ન નંદ ઉત્સવ સહિતના કાર્યક્રમો યોજાયા હતા સાથે ધામધૂમથી આજના મંગલ દિવસે શિવપુરાણ મહાકથાનો પ્રારંભ કરવામાં આવેલ છે. વકતા શાસ્ત્રી સ્વામી આનંદ સ્વરૂપદાસજી શ્રી સ્વામિનારાયણ દિવ્યધામ વડીયા દ્વારા શ્રોતાઓને રસપાન કરાવ્યું હતું. શિવમહાપુરાણનું શ્રવણ કરવા માટે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ હાજરી આપી હતી ત્યારે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા પણ શિવમહાપુરાણનો લાભ લીધો હતો. સમસ્ત ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કથાનું રસપાન કર્યુ

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં કથિત અંધાપાકાંડમાં

માનવ અધિકાર ભંગની ફરિયાદમાં આયોગે ગંભીર બનાવમાં નોટિસ કાઢી રાજયના આરોગ્ય સચિવ પાસે ચાર અઠવાડિયામાં એકશન ટેકન રિપોર્ટ માંગેલ હતો અને આયોગ દ્વારા પ્રાથમિક તપાસ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી.

માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર દ્વારા દરેક ભોગ બનનાર પીડિતને રૂા. ૫૦ લાખનું વળતર રાજય સરકાર આપે અને ફરજમાં બેદરકાર ડોકટર સામે ફોજદારી અને ખાતાકીય પગલા ભરવામાં આવે તેવી માંગણી આયોગ સમક્ષ પિટિશનમાં કરવામાં આવેલ હતી.

અમરેલીમાં આવેલ જીલ્લા કક્ષાની શાંતાબા હોસ્પિટલમાં બનેલ અંધાપાકાંડ બાબતે રાજયના આરોગ્ય સચિવ, ગાંધીનગર દ્વારા સમય મર્યાદામાં રીપોર્ટ રજુ ન કરતા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે મુદ્દાને ગંભીરતાથી લઇ ચીફ સેક્રેટરી અને આરોગ્ય સચિવને અંતિમ નોટીસ આપી ચાર અઠવાડિયામાં તાત્કાલિક રીપોર્ટ સબમિટ કરવા નિર્દેશ જાહેર કરેલ છે. પણ આયોગના નિર્દેશ મુજબ ચાર અઠવાડિયામાં અને રિમાઈન્ડર નોટિસ બાદ પણ આયોગના નિર્દેશનું પાલન કરવામાં આવેલ નહી, જેમાં આરોગ્ય સચિવના આવા અયોગ્ય વર્તનથી નારાજ આયોગ આકરા પાણીએ થતા રાજયના આરોગ્ય સચિવને ફટકાર લગાવી રૂબરૂ દિલ્હી આયોગની ઓફિસે રૂબરૂ રિપોર્ટ સાથે હાજર થવા સમન્સ કાઢેલ છે.

અમરેલી ખાતે આવેલ શાંતાબા હોસ્પિટલમાં તારીખ ૧૨ થી ૧૫ ડીસેમ્બરના રોજ આંખના મોતિયાના ઓપરેશન કરેલ ૨૫ જેટલા દર્દીઓને આંખમાં ન દેખાતું હોવા બાબતની ફરિયાદ કરેલ હતી. આમાના ૧૫ જેટલા દર્દીઓને અમદાવાદ, રાજકોટ અને ભાવનગરની હોસ્પિટલમાં વધારે સારવાર માટે રીફર કરવામાં આવેલ હતા.

આજની તારીખે પણ દર્દીઓને આંખમાં દેખાતું નથી, હોસ્પિટલમાં જવાબદાર લોકો સામે પગલા ભરવા, કાર્યવાહી કરવા, આરોગ્ય મંત્રીએ તપાસ માટે કમિટીની રચના કરી હતી પણ સમિતિએ શું તપાસ કરી ? શું ભલામણ કરી ? કોઈને જવાબદાર ઠેરવ્યા કે નહિ તેનો કોઈ જ અહેવાલ બહાર પાડવામાં આવેલ નથી. રાજય સરકાર અને તેના ઉચ્ચ અધિકારીઓ પણ મગનું નામ મરી પાડતા નથી અને સૌ કોઈ મૌન થઈ તમાશો જોયા કરે છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે પોતાના સમન્સમાં જણાવેલ છે કે આ કાર્યવાહી કમિશનની અગાઉની કાર્યવાહીના ક્રમમાં વાંચવામાં આવશે. આ કેસમાં કમિશને સંબંધિત સત્તાધિકારીઓને એકશન ટેકન રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો જે નિયત સમયગાળો વીતી જવા છતાં પ્રાપ્ત થયો ન હતો.

આ બાબતની કમિશનને ગંભીરતાથી નોંધ લીધી છે અને તેની રજિસ્ટ્રીને સંબંધિત સત્તાધિકારીને સમન્સ પાઠવી કાર્યવાહીનો અહેવાલ કમિશનને સબમિટ કરવા માટે અંતિમ ઉપાય તરીકે સમન્સ જારી કરવાનો નિર્દેશ આપે છે. આરોગ્ય સચીવ દ્વારા ચાર અઠવાડિયામાં રિપોર્ટ સબમિટ કરવામાં નિષ્ફળ જવા પર કમિશને માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૩ હેઠળ પ્રક્રિયા શરૂ કરી છે.

આ મુદ્દે માહિતી માટે અને સૂચનાનું જરૂરી પાલન સુનિશ્ચિત કરવા માટે કાર્યવાહીની એક નકલ સંબંધિત રાજયના મુખ્ય સચિવને પણ મોકલવામાં આવેલ છે.

આગાઉ આપેલ રિમાઈન્ડરમાં આયોગ દ્વારા સપષ્ટ કહેવાયું હતું કે આગામી સમયમાં જો રાજય સરકારના અધિકારીઓ સમય મર્યાદામાં એકશન ટેકન રીપોર્ટ રજુ નહિ કરે તો રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ સમન્સ કાઢી રીપોર્ટ સાથે રૂબરૂ દિલ્હી ખાતે બોલાવી શકે છે, છતાં પણ ગંભીરતાથી ન લેવાતા આખરી ઉપાય તરીકે આયોગે કાર્યવાહી કરી આરોગ્ય સચિવને રૂબરૂ રિપોર્ટ સાથે હાજર થવા સમન્સ પાઠવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૩૦ | ૧૪૦૬ |
| ૨ | શિંગ મોટી | ૧૨૮૬ | ૧૪૭૫ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૫ | ૧૫૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૮૪૮ |
| ૫ | તલ સફેદ | ૨૦૯૦ | ૩૨૮૦ |
| ૬ | તલ કાળા | ૧૨૦૦ | ૨૮૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૦૦ | ૩૦૩૧ |
| ૮ | બાજરો | ૪૪૦ | ૪૯૩ |
| ૯ | જુવાર | ૪૨૭ | ૯૦૦ |
| ૧૦ | ઘઉં બંસી | ૩૫૦ | ૪૫૪ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૩૭૧ | ૫૧૮ |
| ૧૨ | ઘઉં લોકવન | ૩૮૦ | ૫૨૩ |
| ૧૩ | મગ | ૧૪૪૦ | ૧૬૭૧ |
| ૧૪ | ચણા | ૬૬૫ | ૯૫૬ |
| ૧૫ | ચણા દેશી | ૯૮૫ | ૧૨૨૦ |
| ૧૬ | તુવેર | ૮૭૦ | ૧૫૭૫ |
| ૧૭ | કપાસ | ૧૧૨૨ | ૧૫૬૨ |
| ૧૮ | એરંડા | ૮૫૮ | ૧૧૪૬ |
| ૧૯ | જીરૂ | ૨૪૫૦ | ૮૯૫૦ |
| ૨૦ | ધાણા | ૯૮૦ | ૧૨૯૦ |
| ૨૧ | ધાણી | ૯૯૯ | ૧૫૫૦ |
| ૨૨ | અજમા | ૨૧૯૦ | ૨૬૯૦ |
| ૨૩ | મેથી | ૯૦૦ | ૧૦૨૬ |
| ૨૪ | સોયાબીન | ૯૪૦ | ૧૦૦૦ |
| ૨૫ | સુવાદાણા | ૨૧૫૦ | ૨૪૩૦ |

## લીલીયામોટા ખાતે જાહેર શૌચાલય બનાવવાની માંગ

લીલીયા, તા. ૧૫

લીલીયા મોટા ખાતે જાહેરમાં શૌચાલય બનાવવાની લીલીયા સરપંચ જીવનભાઈ વોરાને પત્ર લખી માંગ કરતા સામાજિક આગેવાન નીતિન ડુંગરિયા પત્રમાં જણાવેલ કે લીલીયા તાલુકા કક્ષાનું ગામ હોવાથી લીલીયા ગામ ખુબ મોટું હોવાથી અને લોકોની અવરજવર અને આજુબાજુના ગામોની ખરીદી લીલીયા ખાતે રહેવાથી શૌચાલય જવાની ખુબ જ અગવડતા પડે છે અને ખાસ તો સિનિયર સિટીઝનને ખુબ અગવડતા પડે છે તો ગ્રામ પંચાયતના સરપંચ આ બાબતને ગંભીર સમજી યોગ્ય કરે તેવી માંગ ઉઠવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં તબીબ દંપત્તિની પુત્રીએ

હોય. ત્યારે તેમણે માર્ચ–૨૩માં લેવાયેલ પરીક્ષામાં ૯૧.૯૯ પીઆર મેળવી અમરેલી તથા રાજકીટની મોદી સ્કૂલનું ગૌરવ વધાર્યુ છે. ધ્વની ખૂંટ પોતાના માતા–પિતાની જેમ ડોકટર બની અને દર્દીનારાયણની સેવા કરવા માંગે છે. જેથી તેઓ આ વ્યવસાયમાં આવવા માટે થઈ રાત–દિવસ માત્ર અભ્યાસમાં જ ધ્યાન આપી સતત મહેનત કરી રહી છે. ધ્વની ખૂંટ અભ્યાસમાં ખૂબ જ પ્રગતિ કરે તે માટે થઈ ડો. દંપત્તિનાં પરિવાર, મિત્રો, શુભેચ્છકો તથા સાથી મિત્રો તેમને શુભેચ્છાઓ પાઠવી રહ્યાં છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લીલીયામાં પતિનાં મૃત્યુ બાદ

આવ્યો હતો, જયાં તેનું મોત નીપજયું હતું. આ બનાવને પગલે સમગ્ર પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ યુવકનું મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. આ યુવકનું ગત તારીખનાં રોજ રાત્રે જ મોત થઈ ચૂકયું હતું. જોકે આ બાબતે આજથી થોડા જ મહિના પહેલા પ્રેમ લગ્ન કરી અને પત્ની બનાવી જીવન જીવવાની શરૂઆત કરનાર તેની પત્ની પ્રિન્સીબેન (ઉ.વ.૨૧)ને લીલિયા તાલુકાના કિકાણી પ્લોટમાં રહેતા યુવકના પરિજનો દ્વારા જણાવાયું ન હતું

જાકે સવારના સમયે ઘટના અંગે તેની પત્નીને જાણ થતાં તેણે રૂમ બંધ કરી લીધો હતો અને દુપટ્ટો બાંધી પોતાના મેળે ગળેફાંસો ખાઈ લીધો હતો અને ઘટનામાં તેનું મોત નિપજયું હતું.

કડિયા સમાજનાં યુવક અને તેના પત્નીનું ઘટનામાં મૃત્યુ નિપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી આ યુવકની કિડની પણ પહેલા ખરાબ થઈ હતી જોકે તેની માતાએ કિડની ડોનેટ કરતા નવજીવન મળ્યું હતું. આ ઘટનામાં તેના માતા પિતા પર પણ આભ તૂટી પડયું છે. ચાર બહેનો વચ્ચે એકને એક દીકરો હતો. જેથી આ ઘટના બનતા ઘરનો ચિરાગ પરિવારજનો એ ગુમાવ્યો છે. સાથે જ તેના પત્નીએ પણ દુનિયાને અલવિદા કહી દેતા સમગ્ર ઘરમાં કાળો કલ્પાંત છવાઈ ગયો છે. આ ઘટનાને પગલે યુવકનાં માતા વિમળાબેન અને તેનાં પિતા વિનુભાઈ રાઠોડ દ્વારા ઘટનાને લઈને પોલીસ મથક ખાતે જાણ કરવામાં આવતા લીલીયા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૯૩૫ | ૯,૨ |
| ૩ | જુવાર | ૬૫૧ | ૭૫૧ |
| ૪ | બાજરો | ૪૩૫ | ૪૮૫ |
| ૫ | તલ | ૨૬૫૧ | ૨૭૭૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૩૦૦ | ૧૫૬૧ |
| ૨ | શીંગ જીણી | ૧૧૬૦ | ૧૪૦૧ |
| ૩ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૮૧ |
| ૪ | તલ સફેદ | ૨૭૫૦ | ૨૯૫૧ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૨૭૦૧ |
| ૬ | જીરૂ | – | ૯૦૦૦ |
| ૭ | કપાસ | ૧૪૫૧ | ૧૫૪૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૩૨૫ | ૪૭૩ |
| ૧૧ | જુવાર | ૪૨૫ | ૮૦૦ |
| ૧૨ | મકાઈ | ૩૫૦ | ૪૫૦ |
| ૧૩ | મગ | ૧૭૦૦ | ૧૭૪૦ |
| ૧૪ | અડદ | ૧૧૫૦ | – |
| ૧૫ | ચણા સફેદ | ૧૨૫૧ | ૧૩૮૦ |
| ૧૬ | ચણા | ૮૫૦ | ૯૬૨ |
| ૧૭ | તુવેર | ૧૪૧૧ | ૧૬૮૨ |
| ૧૮ | એરંડી | ૧૦૭૦ | ૧૦૯૦ |
| ૧૯ | મેથી | ૧૦૦૦ | – |
| ૨૦ | ધાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૨૧ | સોયાબીન | ૯૭૦ | ૯૮૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરા પંથકનાં ભાજપનાં એક આગેવાને

સિંહ સાથે સેલ્ફી પાડી અને પોતે જ વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ બગસરા પંથકનાં ભાજપખનાં એક આગેવાન દ્વારા જંગલ વિસ્તારમાં જઈ અને મારણ કરી મીજબાની માણતાં સિંહ સાથે પ્રથમ સેલ્ફી લીધા બાદ આ ભાજપનાં આગેવાન દ્વારા સિંહ પાછળ પોતાની કાર દોડાવી સિંહની પજવણી કરી હતી.

આ તમામ ઘટનાને મોબાઈલ ફોનમાં વિડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી કર્યા બાદ આજે આ તમામ વિડીયો તથા ફોટોગ્રાફસને સોશ્યલ મીડિયામાં વાયરલ કરી બહાદુરીનું કામ કર્યુ હતું.

સામાન્ય માણસે આવું કૃત્ય કર્યુ હોય તો વન વિભાગ ઘડીના છઠ્ઠા ભાગમાં તેમને જેલનાં સળીયા પાછળ ધકેલી દે છે. ત્યારે સી.આર.પાટીલ સાથે ફોટો ધરાવતા આ ભાજપના આગેવાન સામે કેવા પગલાં ભરાય છે ? તેની ઉપર લોકોની મીટ મંડાયેલી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## પિપાવાવ પોર્ટ ઉપર

વન્ય પશુઓની ચિંતાનો માહોલ સર્જાયો છે.

આજે વહેલી સવારે ૫ થી ૬ વાગ્યાનાં ગાળામાં પીપાવાવ પોર્ટ અંદર જેટી રોડ ઉપર પીપાવાવ પોર્ટમાં ખાનગી નોકરી પુર્ણ કરી બસની રાહે એક વ્યકિત ઉભો હતો. આ વચ્ચે અચાનક સિંહણ–સિંહબાળ સામે આવતા મંગલ હેગડા નામનાં ૨૮ વર્ષીય પરપ્રાંતી અને અન્ય સિકયુરિટી દોડયા હતા. જેમાં સિકયુરીટી ગાર્ડ ઓફિસમાં ઘુસી જતા બચાવ થયો હતો. જયારે મંગળ નામનાં યુવાન ઉપર સિંહણ દ્વારા હુમલો કર્યો હતો. ત્યારબાદ સિંહણે યુવકને ઢસડીને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનાને પગલે બસ સહિત કેટલાક ભારે વાહનો દ્વારા સિંહણના મો માંથી યુવકને મુકત કરવા માટે ઘેરાવ કરી સિંહણને ડરાવવાનો પ્રયાસ કરતા સિંહણે યુવકને છોડી દીધો હતો. જોકે, લોહીલુહાણ હાલતમાં યુવક બચી ગયો હતો. જેને તેને પીપાવાવ પોર્ટનાં ખાનગી હોસ્પિટલમાં સારવાર આપી અને વધુ ગંભીર સ્થિતિ હોવાને કારણે મહુવા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

આ ઘટનાની જાણ રાજુલા રેન્જને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. સિંહણ સિંહ બાળ સાથે હતી અને હુમલો કેવી રીતે કર્યો તેને લઈ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. સિંહો દ્વારા સામાન્ય રીતે માનવી ઉપર હુમલાની ઘટના ખાસ કોઈ કારણોસર બનતી હોય છે. સિંહણનાં હુમલાને લઈ વન વિભાગ પણ ઉંડાણ પુર્વક તપાસ શરૂ કરી છે.

સામાન્ય રીતે સિંહો ખુબ ઓછા પ્રમાણમાં હુમલાઓ કરતા હોય છે. અને ભાગ્યે જ કોઈ ચોકકસ કારણોસર સિંહો દ્વારા હુમલાની ઘટનાની બનતી હોય છે. જેનાં કારણે વન વિભાગ પણ ચોંકી ઉઠયું છે. અને તપાસ શરૂ કરી છે. ઘટનાની ગંભીરતા દાખવી વન વિભાગનાં ડી.સી. એફ.જયન પટેલ પણ ઘટના સ્થળે આવ્યા છે. અને બનાવ અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરી ઉંડાણ પુર્વક તપાસ શરૂ કરી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૫૦૧ |
| ૨ | ઘઉં | ૪૦૦ | ૪૩૪ |
| ૩ | ચણા | ૮૦૧ | ૮૫૫ |
| ૪ | તુવેર | ૧૬૦૫ | ૧૬૦૫ |
| ૫ | ધાણા | ૯૬૫ | ૧૧૧૫ |
| ૬ | તલ | ૨૬૫૦ | ૨૭૦૫ |
| ૭ | મેથી | ૧૦૪૫ | ૧૧૨૩ |
| ૮ | એરંડા | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૯ | જુવાર | ૪૦૫ | ૪૦૫ |
| ૧૦ | વાલ | ૨૧૨૫ | ૨૧૨૫ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૧૦૫ | ૧૭૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૪૦ |
| ૨ | ધાણા | ૭૪૫ | ૧૨૦૦ |
| ૩ | ચણા | ૭૨૫ | ૮૯૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૧૨ | ૪૪૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૧ | ૪૪૨ |
| ૬ | તુવેર | ૧૩૩૦ | ૧૪૧૦ |
| ૭ | સોયાબીન | ૯૭૩ | ૯૮૨ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૫૭ | ૧૬૯૩ |
| ૯ | મગફળી | ૧૨૭૫ | ૧૩૨૦ |
| ૧૦ | શીંગ દાણા | ૧૮૨૫ | ૨૦૨૬ |
| ૧૧ | એરંડા | ૧૧૦૫ | ૧૧૦૬ |
| ૧૨ | સફેદ તલ | ૨૫૦૦ | ૨૮૫૦ |
| ૧૩ | મગ | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ૧૪ | બાજરો | ૪૩૭ | ૪૩૭ |
| ૧૫ | જુવાર | ૬૭૫ | ૬૭૫ |
| ૧૬ | ડુંગળી | ૯૦ | ૯૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## દેવરાજીયા ગામ સરકારનાં

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિાસ અને સૌના પ્રયાસ'નું સૂત્ર દેવરાજીયાએ સાર્થક કર્યુ છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયના વિવિધ મતવિસ્તારના ધારાસભ્યોને પોતાના મત વિસ્તારમાં એક એક આદર્શ ગામ બને તેવું સૂચન કર્યુ હતુ.

કાર્યક્રમના પ્રારંભે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાએ પોતે વર્ષ ૨૦૦૯માં સરપંચ તરીકે દેવરાજીયાની વિકાસયાત્રા આરંભી તે વિશે જણાવ્યુ હતુ. તેમણે દેવરાજીયાની વિકાસ યાત્રાના પ્રેરણાસ્ત્રોત તરીકે ગામના વિકાસના સપના સાકાર કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવિયાનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ અનુદાન (ગ્રાન્ટ) અને યોજનાઓ અને દેવરાજીયાના દાતાઓની લોકભાગીદારીથી આડે મોડલ દેવરાજીયા તૈયાર થયું છે. દેવરાજીયાએ સરકારની ગ્રાન્ટનો ગુણવત્તાસભર ઉપયોગ કરી અને સૌના સહયોગથી આ કાર્ય સિદ્ધ કર્યુ છે. આ પ્રસંગે તેમણે ગામમાં અગાઉ થયેલા વિકાસકાર્યોની માહિતી પણ આપી હતી.

દેવરાજીયા ગામ અમરેલી–ધારી સ્ટેટ હાઈવે પર જિલ્લાના વડામથકથી ૧૪ કિલોમીટર દૂર આવેલું છે. અહીંયા કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ ગ્રાન્ટ અને લોકભાગીદારીથી ગામમાં બાળ ક્રિડાંગણ, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ લાઈન, સિનિયર સીટીઝન પાર્ક, આધુનિક પ્રાથમિક શાળા, આવાસ યોજના, પાણી વિતરણ, પેવર બ્લોક અને આર.સી.સી. રોડ, આધુનિક સુવિધાઓ જેવી કે કોમ્યુનિટી હોલ, જીમ, આર.ઓ. પ્લાન્ટ, પુસ્તકાલય, સી.સી.ટીવી મોનિટરીંગ વગેરે દ્વારા આદર્શ ગ્રામ સ્વરૂપે ગામનો વિકાસ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમના પ્રારંભે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ રેખાબેન મોવલિયા, લીંબડી વિસ્તારના ધારાસભ્ય કિરીટસિંહ રાણા, રાજકોટના દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ટંકારાના ધારાસભ્ય દુર્લભભાઈ દેથરિયા, જામનગરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, સાવરકુંડલા– લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી–ખાંભા–બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા, લાઠી– બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા તેમજ અન્ય પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સંકુલ ધો. ૬ થી ૧૨ ગુજરાતી મિડીયમ બોયઝ સ્કૂલ મંજુર
ધો. ૬ થી ૯ અને ધો.–૧૧ કોમર્સ સાયંસ બોયઝ પ્રવેશ ચાલુ
* ધો. ૬ થી ૯ અને ધો. ૧૧ કોમર્સ તેમજ ધો. ૧૧ સાયંસ – એક એક વર્ગની મંજૂરી – વર્ગ દિઠ ૬૦–૬૦ પ્રવેશ સંખ્યા – સ્થાનિક બોયઝ ને પ્રવેશ
* બહુજ વ્યાજબી ફીજ માળખુ – ૨૫ વર્ષ થી કાર્યરત શૈક્ષણિક સંકુલ
* બોયઝ સ્કૂલ બાયપાસ ગેઈન નં. ૩ ન્યુ બિલ્ડીંગ – બપોર ની શીફ્ટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન [illegible]
[illegible] Ad026

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૬૨ |
| ૨ | મગફળી | ૧૨૭૧ | ૧૩૦૯ |
| ૩ | જીરૂ | ૫૫૪૭ | ૮૬૦૦ |
| ૪ | ઘઉં | ૪૧૨ | ૪૬૮ |
| ૫ | ચણા | ૯૧૨ | ૯૧૮ |
| ૬ | તલ સફેદ | ૨૪૧૦ | ૨૮૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૪૦૧ | ૫૧૦ |
| ૨ | જુવાર | ૪૦૦ | ૯૪૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૪૮૦ |
| ૪ | મગ | ૧૦૫૦ | ૧૭૨૬ |
| ૫ | સોયફાબીન | ૯૩૧ | ૧૦૦૦ |
| ૬ | તુવેર | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ૭ | ચણા | ૬૦૦ | ૯૦૦ |
| ૮ | શીંગ | ૧૨૩૦ | ૧૪૨૧ |
| ૯ | તલ સફેદ | ૨૬૦૧ | ૨૮૫૦ |
| ૧૦ | તલ કાળા | ૨૭૫૦ | ૨૭૫૦ |
| ૧૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |

### મુખ્યબજારમાં ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી જીતની ઉજવણી

# વડિયા : કર્ણાટકની જીતની આતશબાજી સાથે ઉજવણી કરતું કોંગ્રેસ

## નફરતની રાજનીતિને જાકારો મળ્યો, પ્રેમની રાજનીતિનો વિજય



વડિયા, તા. ૧૫

સમગ્ર દેશમાં થોડા સમયથી કર્ણાટકની ચૂંટણી ચર્ચાનું મુખ્ય કેન્દ્ર બની હતી અને લોકોમાં પણ કોની સરકાર બનશે તે બાબતે અસમંજસ જોવા મળતી હતી.

ત્યારે વહેલી સવારથી કર્ણાટકની ચૂટણીના પરિણામ આવવાના શરૂ થતા કોંગ્રેસને સ્પષ્ટ જનાદેશ મળતો જોવા મળ્યો હતો. ત્યારે સ્પષ્ટ બહુમતી સાથે કોંગ્રેસનો ભવ્ય વિજય થતાં મૃતપ્રાય કોંગ્રેસી કાર્યકર્તાઓમાં જાણે નવું જોમ આવતું જોવા મળ્યું હતું. સમગ્ર દેશ સાથે ગુજરાતના કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા પણ તેની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. અમરેલી જિલ્લાના વડિયામાં મુખ્ય બજારમાં કોંગ્રસી આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા કર્ણાટકની ભવ્ય જીતની આતિશબાજી સાથે ઉજવણી કરી મીઠાઈ વહેચી મોં મીઠા કર્યા હતા. ત્યારે કોંગેસી કાર્યકર્તા એક અલગ જોશ અને આશા જાગતી જોવા મળી હતી. આ ટેક જિલ્લા કિસાન કોંગ્રેસના પ્રમુખ સત્યમ મકાણી દ્વારા એવું જણાવાયું હતું કે કર્ણાટકથી નફરતની રાજજીતિને જાકારો મળ્યો છે અને પ્રેમની રાજનીતિનો વિજય થયો છે. આ શરૂઆત છે આગામી દિવસોમાં સમગ્ર દેશમા આ પરિવર્તન આવશે તેવી આશા વ્યકત કરી હતી.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કિસાન કોંગ્રેસના સત્યમ મકાણી, જિલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી જુનેદ ડોડીયા, સહિતના હોદેદારો અને કાર્યકર્તાઓએ ઉજવણી કરી હતી. આ તકે કર્ણાટકની જીતથી ગુજરાતના કોંગ્રેસી કાર્યકર્તામાં નવા પ્રાણ પુરાતા જોવા મળ્યા હતા.

### ધારાસભ્યએ દરિયામનગીરી કરી પ્રશ્ન દુર કર્યો

# સા.કુંડલાના બાયપાસ માર્ગ ઉપર અકસ્માત નિવારણ અર્થે સ્પીડ બ્રેકર લગાવાયા

## વાહનચાલકોની માંગ સંતોષાતા રાહતનો માહોલ



અમરેલી, તા. ૧૫

અમરેલી પીપાવાવ સ્ટેટ હાઈવે સાવરકુંડલા બાયપાસ રોડ શરૂ થવાની સાથે જ સાવરકુંડલા શહેરના લોકોનો ટ્રાફિકની સમસ્યાનો પ્રશ્ન કાયમી હલ થયેલ છે. લોકોને ખાસ વિશેષ સુવિધા પ્રાપ્ત થયેલ છે. તે બાયપાસ રોડ ઉપર ચાલતા વાહનો ચાર રસ્તા પર ફુલ સ્પીડથી ચાલતા હોય જેના કારણે અકસ્માતના સમાચાર મળેલ તે મુજબ સાવરકુંડલા અમરેલી રોડ પર આવેલ સર્કલ તેમ જ સાવરકુંડલા જેસર રોડ ઉપર આવેલ સર્કલ લીલીયા ગારિયાધાર એપ્રોચ રોડ પર બે દિવસ પહેલા બનેલ અકસ્માતની ઘટનાની જાણ થતા રવિવારે ધારાસભ્ય દ્વારા માર્ગ મકાન વિભાગ અધિકારીઓ સાથે તાત્કાલિક ધોરણે સર્કલ પર તેમજ એપ્રોચ રોડ પર સ્પીડબેકરની કામગીરી કરાવેલ છે. જેથી કરી હવે કોઈ અકસ્માતનો ભય ન રહે અને વાહન ચાલકો પોતાના વાહનોને ચાર રસ્તા પર સ્પીડ ધીમી કરી વાહનો ચલાવે તેવી તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમ હરેશભાઈ બોરીસાગરની યાદીમાં જણાવેલ છે.

# સા.કુંડલામાં વેપારીઓની રજૂઆત બાદ યુદ્ધનાં ધોરણે ગટરની સફાઈ



સાવરકુંડલા, તા. ૧૫

આજરોજ તારીખ ૧૫-૫-૨૩,ને સોમવારે બપોરના સમયે નાવલી નદીમાં નુતન લોજ પાસે ગટર ઉભરાતાં આજુબાજુના દુકાન માલીકોએ તેમજ લોજવાળા સહિતના તમામે આ ગટર સફાઈ કરાવી આપવા નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણીને ફોન કરીને જાણ કરેલ કે આ ગટર ઉભરાઈ છે અને આ બપોરના કાળઝાળ તડકાને લીધે ખૂબ દુર્ગંધ આવે છે તો આપ આપના દ્વારા આ કામ કરાવી આપવા ફોન કરેલ હતો અને જેવો આ દુકાનદારો અને લોજવાળાની રજુઆતનો ફોન આવતાં જ તાત્કાલિક બપોરના ત્રણ વાગ્યે ધોમધખતાં તાપ વચ્ચે નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણીએ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓને સાથે રાખીને જેટીગ મશીન દ્વારા અને ગટર કુંડીમાંથી ગાળ કાઢીને આ ધોમધખતાં તાપ વચ્ચે પણ આ ગટરની દુર્ગંધ દૂર કરાવી આપતાં તમામ દુકાનદારો તેમજ લોજવાળા સહિત તમામ વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો અને નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણીનો આભાર માની તેની સેવાકીય ભાવનાને બિરદાવી.

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં

# જાફરાબાદનાં સરકારી દવાખાનામાં જીવનજરૂરી દવાઓ ઉપલબ્ધ નથી

## તબીબો, ગરીબ દર્દીઓને બહારથી દવા લખી આપે છે

જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદ ખાતે આવેલ સરકારી હોસ્પિટલમાં મોટા ભાગની દવાઓ બહારથી લખી દેવામાં આવે છે. આ દવાખાનામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા ખેત મજૂરોને બાળકો માટે અને બીજી અન્ય દવાઓ બહારથી લખી દેવામાં આવે છે.

જે નિયમો વિરૂદ્ધ છે. આ દવાખાનાનો ઉદ્દેશ લોકોને એક પણ પૈસો દીધા સિવાય મફતમાં આપવાની હોય છે. દર્દીઓમા કચવાટ ઊભો થયો છે. દર્દી નારાયણને બહારથી દવા લેવી પડે છે. જે અતિ ગંભીર ગુનાહિત બાબત છે .

તો શું આ બાબતે જિલ્લાનું સરકારી તંત્ર ધ્યાન આપશે ? આ બાબતે તંત્ર દ્વારા પગલાં ભરવામાં નહીં આવે તો ઉચ્ચ સ્તરે સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુખ્ય મંત્રી તેમજ આરોગ્ય મંત્રીને ફરિયાદ સાથે રજુઆત કરવામાં આવી છે.

# સાવરકુંડલા ખાતે સેવાભાવી યુવાન દ્વારા છાશ વિતરણ



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા ખાતે કાળજાળ ગરમીને ધ્યાનમાં રાખી સેવાભાવી યુવાન અને પાલિકાનાં પ્રમાણિક સદસ્ય પ્રતિક નાકરાણી કાર્યકર દ્વારા શનિવારના રોજ શહેરની મધ્યમાં શાકમાર્કેટ સામે સવારે ૧૦ થી ૧૨ સુધી મીઠી મધુરી અને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રતિક નાકરાણી હનુમાનજી મહારાજમાં અપાર શ્રધ્ધા ધરાવતાં હોય દર શનિવારે તેઓ દ્વારા ૧૨૦૦ લીટર જેટલી છાશ બનાવી અહીંથી પસાર થતાં રાહદારીઓને પ્રેમ ભાવ અને આગ્રહથી વિતરણ કરવામાં આવે છે. જેનો અહીંથી પસાર થતાં અસંખ્ય લોકો લાભ લઈ રહ્યા છે. અહીં પ્રતિકભાઈની સેવા ભાવનાને ધ્યાનમાં રાખી સિગ્મા સ્કૂલ વાળા સુતરીયાભાઈ અને નાના ભમોદ્રાવાળા જેન્તીભાઈ પટેલ છાશ વિતરણ કાર્યમાં મદદ કરી રહ્યા છે.

# જિલ્લા રોજગાર કચેરી દ્વારા ગુરૂવારનાં રોજ ભરતી મેળો

અમરેલી તા.૧૫

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી નિયમિત ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. ખાનગી ક્ષેત્રના એકમ વેલસ્પન ઈન્ડિયા પ્રા. લી. અંજાર, કચ્છ માટે ૧૮ થી ૩૦ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને ખાલી જગ્યાઓને અનુઢપ શૈક્ષણિક લાયકાત ધો.૧૦ અને ધો.૧૨ની લાયકાત ધરનાર રોજગાર ઈચ્છુક હોય તે આ રોજગાર ભરતી મેળામાં ભાગ લઈ શકે છે. આ ઉપરાંત એલ.આઈ.સી. અમરેલી માટે વીમા એજન્ટની જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવનાર તેમજ ધો.૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે આગામી તા.૧૮ મે, ૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં ભાગ લેનાર રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan.gujarat.gov.in/account/singup પર આધારકાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે અરજી કરવી

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાનો 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ', લાઠી મામલતદાર કચેરી ખાતે આગામી તા.૨૪ મે, ૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે યોજાશે.

તાલુકા કક્ષાના અધિકારવાળા બાકી હોય તેવા સરકારી કામો માટે અરજદારે સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાય અંગત પ્રશ્ન રજૂ કરવા માંગતા હોય તો તે અરજી તા.૧૮ મે, ૨૦૨૩ના રોજ બપોરે ૩ વાગ્યા સુધીમાં રૂબરૂ કે ટપાલમાં મામલતદાર અને તાલુકા એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી ખાતે પહોંચાડી દેવી. અરજીના મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' અવશ્ય લખવું. તેમ મામલતદાર લાઠીએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી ખાતે જિલ્લા કક્ષાનો નેશનલ મેગા લોક અદાલત કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

અમરેલી, તા. ૧૫

શનિવારનાં રોજ ન્યાય મંદિર, અમરેલી ખાતે તથા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં નેશનલ મેગા લોક અદાલતનું આયોજન અમરેલી જિલ્લાનાં પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અમરેલીના અધ્યક્ષ આર.ટી. વચ્છાણીનાં વડપણ તથા માર્ગદર્શન નીચે થયેલ.આ નેશનલ લોક અદાલતમાં કુલ ૪૪૭૦ કેસો ફેસલ થયેલા, જેમાં ૭૧૪ પ્રિ લીટીગેશનના કેસો પણ ફેસલ થયા હતા તેમજ પ્રિ લીટીગેશનમાં રૂા. ૪૨,૩૩,૦૭૩ની જે તે સંસ્થાઓને એક દિવસમાં રીકવરી થયેલ હતી તેમજ આ જ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ નીચે વીમા કલેઈમના કેસો તથા બીજા કેસો મળી રૂા. ૮,૬૭,૨૩,૨૦૭ની રકમનું નોંધપાત્ર ચુકવણું થયેલ હતું.

આ મેગા લોક અદાલતને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લાના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર.ટી. વચ્છાણીનાં સીધા માર્ગદર્શન નીચે તથા સેક્રેટરી ડી.સી. જાનીનાં સંકલનમાં અમરેલી જિલ્લાનાં તમામ જયુડીશીયલ ઓફીસરોએ ખૂબ જહેમત ઉઠાવેલ હતી તેમજ તમામ જજોએ તેઓના સ્ટાફ તથા વકીલોની સાથે રહી પક્ષકારોને ઉદાર રહેવા માટેનું માર્ગદર્શન પુરૂ પાડી આ નેશનલ મેગા લોક અદાલતને ખૂબ સફળ બનાવેલ હતી.આ નેશનલ મેગા લોક અદાલતમાં અમરેલીની મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં વીમા વળતર કેસોમાં અરજદાર અને વીમા કંપની વચ્ચે મધ્યસ્થી કરાવી ખૂબ જ ટૂંકા સમયમાં વીમા કંપની અને અરજદાર વચ્ચે સમાધાન કરાવી મૃત્યુ પામનારના વારસાદરને માતબર રકમ ચુકવવાનો હુકમ કરી આપી ખૂબ જ સરાહનીય તેમજ ઝડપી ન્યાય સાથે લોક કલ્યાણની કામગીરી જોવા મળી હતી.

આ નેશનલ મેગા લોક અદાલતને જિલ્લા મથકે સફળ બનાવવા માટે અમરેલી જિલ્લા વકીલમંડળનાં હોદેદારો તથા તમામ સીનીયર તથા જુનીયર સભ્યો તથા વકીલ મંડળના બહેનોએ જહેમત ઉઠાવી હતી. લોક અદાલતમાં પક્ષકારોમાં પોતાના વિવાદોનું નિરાકરણ થવાથી બંને પક્ષકારોની જીત થાય છે અને બંને પક્ષકારો ન્યાય મંદિરના દ્વારેથી હસતા હસતા વિદાય લે છે અને તેમના વિવાદનું કાયમી નિરાકરણ આવે છે. આજની નેશનલ મેગા લોક અદાલતમાં ખૂબ જ મોટો માનવ મહેરામણ ઉમટેલ અને ન્યાય મંદિરના કમ્પાઉન્ડમાં ખૂબ જ મોટી સંખ્યામાં પક્ષકારો હાજર રહેલ હતા. જે પણ આ નેશનલ મેગા લોક અદાલતની ખૂબ જ મોટી ઉપલબ્ધી હતી.

# ગુજરાતના પ્રતિષ્ઠિત શ્રી સિદ્ધિ ગૃપની બન્ને પાંખોને મળી આંતરરાષ્ટ્રીય સ્તરે અનોખી સિદ્ધિ




અમરેલી, તા.૧૫

યુનાઈટેડ કિંગડમના હાઉસ ઓફ કોમન્સ એટલે કે (લંડનની સંસદમાં) યોજાયેલી એવાર્ડ સેરેમની એશિયન યુકે બિઝનેસ એવાર્ડ ૨૦૨૩માં સિદ્ધિ ગૃપ ઓફ કંપનીઝને એક નહીં પણ બબ્બે મોંઘેરા સન્માન મળ્યાં.

ગુજરાત ફર્સ્ટ અને ઓટીટી ઈન્ડિયાને મળ્યું છે સાત સમંદર પાર સન્માન. આઈડિયાઝ ફોર ઈન્ડિયા કાન્ફરન્સ અંતર્ગત આ એવાર્ડ સેરેમની યોજાઈ જેમાં ગુજરાત ફર્સ્ટ અને ઓટીટી ઈન્ડિયાએ મેળવ્યો ધ ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ મીડિયા હાઉસ ઈનઈન્ડિયાનો મહામુલો એવોર્ડ તો બીજી તરફ સિદ્ધિ ગૃપ ઓફ કંપનીઝની રિયલ એસ્ટેટ એકમને પણ મળ્યો વિશિષ્ટ એવોર્ડ. સિદ્ધિ ગૃપને મોસ્ટ ટ્રસ્ટેડ રિયલ એસ્ટેટ કંપની ઈન ઈન્ડિયા એવાર્ડથી સન્માનિત કરાઈ.બંને સન્માન સિદ્ધિ ગૃપ વતી એમ.ડી. જસ્મીનભાઈ પટેલે સ્વીકાર્યાં.

આ સન્માન ખાસ એટલાં માટે છે કે સિદ્ધિ ગૃપે રિયલ એસ્ટેટ ક્ષેત્રે છેલ્લા ૩૦ વર્ષોથી હંમેશા ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે. અને હવે મીડિયા ક્ષેત્રે પણ સિદ્ધિ ગૃપને નવી ઊંચી ઉડાન મળી છે. ટૂંક જ સમયમાં ધારદાર, અસરદાર અને માનવીય મુલ્યોંને પ્રાધાન્ય આપીને જનતાનો વિશ્વાસ અને દર્શનોના આશિર્વાદ જીત્યો છે. આજે ગુજરાત ફર્સ્ટ ગુજરાતની મોસ્ટ એડવાંસ, હાઈ - ટેક અને સૌથી વધુ ડિસ્ટ્રીબ્યુટેડ ટીવી ચેનલ અને ડિજીટલ નેટવર્કને દેશ વિદેશમાં સફળતા મળી રહી છે અને એનઆરઆઈ લોકોની પહલી પસંદ બની છે, ગુજરાત ફર્સ્ટ (Gujarat) અને ઓટીટી ઈંડિયા (Hindi,English) આમ ત્રણ ભાષાઓમાં સંચાલિત ગુજરાતનું પ્રથમ મીડિયા હાઉસ બન્યું છે.

### પોલીસ અધિક્ષકની સુચનાથી એસઓજીનો સપાટો

# અમરેલીમાંથી અમદાવાદનાં ગ્રામ્ય વિસ્તારમાં લુંટ કરી નાસતા-ફરતા આરોપીની અટકાયત

## વધુ તપાસ અર્થે અમદાવાદ પોલીસને હવાલે કરાયા



અમરેલી, તા.૧૫

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ ઈન્ચા. એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એ.એમ.પટેલ તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જિલ્લામાં નાસતા - ફરતા આરોપીઓ પકડી પાડવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અનુસંધાને અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ.ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન અમરેલી શહેરમાં એસ.ટી.ડેપો પાસે એક શંકાસ્પદ ઈસમ મળી આવતા તેની પુછપરછ કરતા મજકુર રહીમ ઉર્ફે રેહાન ટીકુડો મહેબુબભાઈ બેલીમ ધંધો- મંડપ સર્વિસ રહે. વિજપડી, (તા.સાવરકુંડલા) વાળા ઈસમે અમદાવાદ રૂરલનાં કેરલા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટ કરેલનું કબુલાત આપતા મજકુર ઈસમને હસ્તગત કરી અમદાવાદ રૂરલના કેરલા જી.આઈ.ડી.સી.પોલીસ સ્ટેશન ખાતે આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ મજકુર ઈસમને અમરેલી સીટી પોલીસને સોંપી આપેલ.

### રાજકીય વગ ધરાવનાર એજન્સીનાં કારનામા

# અમરેલીમાં ખુલ્લેઆમ સરકારી બાંધકામમાં માટી ચોરી કરીને ઉપયોગ થતો હોવાનાં આક્ષેપ

## જાગૃત નાગરિકે કલેકટરને પત્ર પાઠવીને તપાસની કરી માંગ



અમરેલી, તા.૧૫, અમરેલી સર્વે નંબર ૩૩૪ પૈકી ૫ ગૌચરની જમીનમાં ૧ જેસીબી અને ૫ થી ૭ ટ્રેકટરો દ્વારા ખોદાણ કરી ટાંચ (માટી) અમરેલીથી ચક્કરગઢ ગામને જોડતા નોન પ્લાન રોડનાં કામે ઉપયોગમાં એજન્સી દ્વારા લેવામાં આવી રહી છે. જે જગ્યા ઉપર સરકાર દ્વારા કેન્દ્રીય વિદ્યાલય બનનાર હોય અને આ જમીનમાંથી ખોદાણ કરનાર એજન્સી કે જેઓ સાસંદ રાજકીય વગથી આ સરકારી ગૌચરની જમીનમાંથી ખોદાણ કરી લઈ જઈ રહયા. અમે હોય યોગ્ય જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફેક્ચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ
મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફેક્ચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેક્ચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂ.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની નોટિસને ગંભીરતાથી ન લેતા આયોગ આકરા પાણીએ

# અમરેલીનાં કથિત અંધાપાકાંડમાં આરોગ્ય સચિવને માનવ અધિકાર આયોગનું તેડું

**અંદાજિત ૬ મહિના પહેલા ગરીબ અને મધ્યમવર્ગીય વૃધ્ધોએ કથિત રીતે આંખ ગુમાવી છતાં પણ સરકાર ટસની મસ થતી નથી**

**રાજય સરકારનાં ધારાસભ્યો અને મંત્રીઓ પણ શરમ રાખીને સમગ્ર પ્રકરણને ડામતા જોવા મળે છે**

**જાગૃત નાગરિક કાંતિલાલ પરમારે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરતાં ન્યાયની અપેક્ષા**

**શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં ચાલતી ગંભીર બેદરકારી અંગે તપાસ પણ જરૂરી બની છે**

અમરેલી, તા. ૧૫

અમરેલી ખાતે આવેલ જીલ્લાકક્ષાની શાંતાબા હોસ્પિટલ ખાતે આંખના મોતિયાના ઓપરેશન બાદ ૧૫ કરતા વધારે લોકોને આંખોમાં દેખાવાનું બંધ થયેલ હતું અને અંધાપાકાંડ સર્જાતા સ્થાનિક કક્ષાએ હડકંપ મચી જવા પામેલ હતો. તાત્કાલિક રાજય સરકારે એક તપાસ કમિટી બનાવી હતી, કુલડીમાં ગોળ ભાંગવાનો હોય તેમ લોકોના રોષને તપાસ કમિટી બનાવી ઠંડો પાડી અગાઉની ઘટનાઓમાં જેમ બને છે તેમ આજ દીન સુધી આ કમિટીનો અહેવાલ બહાર પાડવામાં આવેલ નથી.

આ મુદ્દે માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર દ્વારા તાત્કાલિક પીડિતોને ન્યાય મળી રહે તે માટે માનવ અધિકાર ભંગની તારીખ ૧૭ ડીસેમ્બર–૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દિલ્હીમાં પિટિશન ફાઈલ કરવામાં આવેલ હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

## જાહેર જીવનનાં આગેવાનોએ સીન સપાટાથી દૂર રહેવું જોઈએ

# બગસરા પંથકનાં ભાજપનાં એક આગેવાને સિંહની પજવણી કરતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો

**વન વિભાગનાં અધિકારીઓ આ બાબતે કાર્યવાહી કરશે કે લાજ કાઢશે ?**



અમરેલી, તા. ૧૫

જયાં વાડ જ ચિભડા ગળી જતી હોય ત્યાં દોષ કોને આપવો તેવો ઘાટ આજે બગસરા પંથકનાં ભાજપનાં એક આગેવાન દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં ભાજપનાં આગેવાને મારણ ઉપર બેઠેલા સિંહ પાછળ કાર દોડાવી સિંહની પજવણી કરી હતી. ઉપરાંત

અનુસંધાન પાના ૬ ઉપર

## શેર એન્ડ કેર દ્વારા કલમનું સન્માન



અમરેલીમાં લોભ, મોહ, ભય, જ્ઞાતિ–જાતિ, રાજકારણ અને ધર્મનાં ભેદભાવથી પર રહી રાષ્ટ્રીય ભાવના, રાષ્ટ્રીય એકતા ઉજાગર કરી સમાજની વચ્ચે રહી છેવાડાનાં વ્યકિતઓ સુધી સેવાઓ પહોંચાડતા શેર એન્ડ કેરનાં સેવાકાર્યોને "અમરેલી એકસપ્રેસ"નાં માધ્યમથી પ્રોત્સાહન આપનાર તંત્રી મનોજ રૂપારેલનું શેર એન્ડ કેર ગૃપનાં સ્થાપક રિયાઝ વેરસીયા, જગદીશ બાબરીયા સહિતની ટીમે સન્માન કર્યુ તે વેળાની તસ્વીર.

# અમરેલીનાં ખુમાણ પરિવારનાં વફાદાર ''રોટવીલર'' જેકીનો આજે જન્મદિવસ

**રોટવીલર (ડોગ)ની ઓરિજનલ બ્રીડ ધરાવતા ખુમાણ**

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ઓફિસ ધરાવતા તેમજ ઈન્ટરનેશનલ વેલ્યુઅર એસોસીએશનનાં લાઈફ મેમ્બર સિવિલ એન્જિનિયર તરીકેનો ખૂબ જ બહોળો અનુભવ ધરાવતા ખુમાણ પરિવાર (રવિરાજ ગૃપ)નો લાડલો એવો "જેકી" (રોટવીલર) જેણે હાલ ૨ વર્ષ પૂર્ણ કરેલ છે. તેમને જન્મદિવસની શુભેચ્છા.

રોટવીલરને વિશ્વમાં કુતરાની સૌથી જૂની જાતિ માનવામાં આવે છે અને તે એક રક્ષક કુતરો છે. તે નીડર, વફાદાર, બુધ્ધિશાળી અને લાગણીશીલ ભર્યા હોય છે.




## ગીર કાંઠાનાં વિસ્તારમાં ઘટના ઘટી

# પિપાવાવ પોર્ટ ઉપર બસની રાહ જોઈ રહેલા યુવક ઉપર અચાનક સિંહણે હુમલો કર્યો

**સિંહ, દીપડાની રંજાડમાં ૩ બાળકોએ જીવ ખોયા : યુવક ઘાયલ**



અમરેલી, તા.૧૫

ગીરકાંઠાનાં અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાનાં સમયગાળા દરમિયાન સિંહણ તથા દીપડાનાં હુમલની ચાર ઘટના સામે આવી છે. જેમાં ૩ બાળકોને આ રાની પશુઓએ ફાડી ખાધા છે જયારે ૧ યુવકને ઘાયલ કરી દેતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે. ત્યારે આગામી દિવસોમાં વાવણી તથા પાકનાં વાવેતર માટેનો સમય આવી રહયો હોય ગીરકાંઠાનાં વિસ્તારોમાં

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.
નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ,
અમરેલી. મો. 99 74 77 23 77

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
મોઢામાંથી નીકળી ગયેલો શબ્દ અને હાથમાંથી સરી ગયેલો સમય ક્યારે પાછો આવતો નથી.
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)